₹ ૧૫/-



‘જીવન સમગ્ર યોગ છે.’

# યોગને પુનઃ શોધી કાઢવો

## વિભાગ-૧

# પ્રભુ અર્પણ

જૂન - ૨૦૧૮

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✲

હવે સફળતા અને નિષ્ફળતાના હાલના અર્થ અર્થ–હીન થઈ જશે. ત્યાં નિષ્ફળતા તો હોઈ જ ના શકે; કારણ કે હવે જે કાંઈ બને છે તે વિશ્વના સ્વામીની ઈચ્છાનુસાર જ બને છે, — તે આખરી નહિ હોય તોપણ આગળ વધતું એક પગલું તો હશે જ; તે એક વિરોધ, પરાજય કે ઈન્કાર લાગે, અરે, આપણી કરણમય જાત સમક્ષ મુકાએલ હેતુનો એ સમયે તો, પૂરેપૂરો ઈન્કાર લાગે, તોપણ તે માત્ર એક આભાસ જ હશે અને પછીથી જણાશે કે તેના કર્મ–પ્રવાહની કાર્યક્ષમ વ્યવસ્થામાં તેનું સ્થાન યોગ્ય જ હતું; અને અતિમનસની વધારે વ્યાપક દૃષ્ટિમાં તો એ જ વખતે, કે તેની પણ પહેલાં, તેની જરૂરિયાત દેખાતી હશે. અને જે આખરી પરિણામનું તે વિરોધી, કે કદાચ તેનો સદંતર નાશ કરનારું લાગતું હશે તેની સાથેનો તેનો સાચો સંબંધ પણ દેખાતો જ હશે.

શ્રી અરવિન્દ

(યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ ૨ : પૃ. ૨૧૭–૨૧૮)

''સર્વ કોઈ જેનું અનુસરણ કરી શકે એવી પદ્ધતિ આપવા માટે 'યોગમાર્ગોનો સમન્વય' લખાયું નથી. યોગના પ્રત્યેક પાસા વિશે એમાં અલગ રીતે જણાવવામાં આવ્યું છે અને એની સર્વ શકયતાઓ પણ એમાં દર્શાવવામાં આવી છે. દરેક માર્ગ (બધાં પાસા) છેવટે કેવી રીતે એકબીજાને મળે છે તે પણ દર્શાવાયું છે, જેથી કરીને જ્ઞાનયોગથી શરૂઆત કરનાર કર્મયોગ અને ભક્તિયોગને પણ સિદ્ધ કરી શકે. આ જ રીતે બીજા બેની બાબતમાં પણ, આત્મ-પરિપૂર્ણતાના યોગની ચર્ચા સંપન્ન થઈ ત્યારે એવો ઈરાદો હતો કે બધા જ માર્ગો જેમાં એકત્ર થઈ શકે એવો માર્ગ પણ દર્શાવવો, પરંતુ એ વિશે લખાણ ક્યારેય થયું ન હતું.''

(SABCL : 26 : 368-69)

**શ્રી અરવિન્દ**

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

**જૂન - ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૬**

# અનુક્રમ

## યોગને પુનઃ શોધી કાઢવો
## વિભાગ-૧

| | |
|---|---|
| પરંપરાગત યોગ : સમગ્ર દૃષ્ટિ | ૫ |
| પૂર્ણયોગનો સિદ્ધાંત | ૧૪ |
| દિવ્ય કર્મોનો યોગ | ૨૫ |
| શ્રી માતાજીની શબ્દસુધા | ૪૨ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૬ |

**તંત્રી નોંધ :** યોગમાર્ગોનો સમન્વય, શ્રી અરવિન્દના મુખ્ય ગ્રંથોમાંનો એક ગ્રંથ છે. મૂળ આ ગ્રંથનું લખાણ આર્ય મેગેઝીન અંતર્ગત વર્ષ ૧૯૧૪થી ૧૯૧૯ દરમિયાન થયું હતું. આ ગ્રંથમાં યોગની સામાન્ય રૂપરેખા આપણને જોવા મળે છે. યોગનું સમન્વયાત્મક મૂળ સ્વરૂપ તેમ જ એની મુખ્ય પ્રક્રિયાઓ અને પરિણામો વિશે પણ એમાં જણાવવામાં આવ્યું છે. જોકે આપણે અહીં એ નોંધવું રહ્યું કે યોગમાં શ્રેણીબદ્ધ ઉત્ક્રાંતિગત પરિવર્તનો થતાં રહ્યાં છે. પ્રથમ પરિવર્તન ત્યારે થયું હતું જ્યારે શ્રી માતાજી કાયમી નિવાસ માટે પોંડિચેરી પાછાં આવ્યાં હતાં અને એમણે યોગની જવાબદારી સ્વીકારી હતી. બીજું પરિવર્તન થયું હતું ૨૯ ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ થયેલ અતિમાનસ ચેતનાના અવતરણને લઈને. તેમ છતાં યોગમાર્ગોનો સમન્વય ગ્રંથ આ યોગનાં મુખ્ય તત્ત્વો વિશે વ્યાપક સમગ્ર દૃષ્ટિ પૂરી પાડે છે અને સાધક યાત્રાની શરૂઆત કરી શકે અને યોગમાર્ગમાં દૂર અને ગહન પ્રવાસ કરી શકે એ માટે સુંદર માળખું તૈયાર કરી આપે છે. આ અંકમાં અને આવતા અંકમાં અમે આ અદ્ભુત ગ્રંથમાંથી મહત્ત્વના ફકરાઓની વ્યાપક પસંદગી કરવાનો પ્રયત્ન કર્યો છે. અમારા આ સંકલનમાં અમે યોગના સર્વ મહત્ત્વનાં અંગોને સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો હોવા છતાં સમગ્ર ગ્રંથને વ્યવસ્થિત વિગતેપૂર્ણ અભ્યાસ કરવાની કોઈ જોડ હોઈ શકે નહિ. આ બે અંકોનો હેતુ વાચકોમાં સમગ્ર ગ્રંથના વ્યવસ્થિત અભ્યાસનો રસ જાગ્રત કરવાનો છે. આશા છે વાચકને મૂળ ગ્રંથનો વિગતેપૂર્ણ અભ્યાસ કરવાની પ્રેરણા આ અંકોના વાચનથી પ્રાપ્ત થશે.

*

# પરંપરાગત યોગ : સમગ્ર દૃષ્ટિ

## ભારતીય યોગવિદ્યાનો ઉદ્ભવ

અત્યારનો આપણો યુગ છે પ્રસૂતિકાળની વેદનાનો. આચાર અને વિચારની રૂઢિઓ પૈકી જે ઉપયોગી થઈ શકે તેવી છે અથવા જેમાં જેમાં ટકી રહે તેવું કાંઈ તત્ત્વ છે તે બધીને એક પરમ કસોટીએ ચઢાવવામાં આવી રહી છે અને તેમ કરીને તેમને પુનર્જન્મ પામવાની એક તક આપવામાં આવી રહી છે. આજની દુનિયા મિડિયાના[૧] ઊકળતા તામડા જેવી થઈ ગઈ છે. બધી વસ્તુઓને તેમાં નાંખવામાં આવે છે, તોડીફોડીને છૂટી છૂટી કરી નાંખવામાં આવે છે. તેમની ઉપર અખતરાઓ કરવામાં આવે છે, પાછી જોડવામાં આવે છે, ફરી ફરીને જોડવામાં આવે છે. આને પરિણામે કાં તો એ બધી નાશ પામે છે અને બીજી નવીન રચનાઓ માટે મસાલો પૂરો પાડે છે અથવા તો એ પોતે જ કાયાકલ્પ પામીને નવજીવનનો અધિકાર પ્રાપ્ત કરે છે. ભારતીય યોગવિદ્યા એ પોતે, મૂળમાં તો, પ્રકૃતિની અમુક મહાન શક્તિઓનું કાર્ય અને કૃતિ છે; આજ સુધીમાં તેણે વિશિષ્ટ અને વિવિધ સ્વરૂપો લીધેલાં છે. માનવજાતના ભાવિ જીવન માટેનું શક્તિથી ભરેલું એ એક ગતિશીલ તત્ત્વ છે. યોગ તો અનંત યુગનું બાળક છે; અને તેનામાં પ્રાણ અને સત્ય હોવાને લીધે આજ સુધી ટકી રહેલ છે. આજ સુધી ભલે તેણે ગુપ્ત સંપ્રદાયો અને સંન્યાસીઓની ગુફાઓમાં નિવાસ કર્યો હોય પણ હવે તે ત્યાંથી બહાર નીકળી રહ્યો છે અને માણસજાતના સમગ્ર જીવનમાં ઉપયોગી થવાને પોતાનું સ્થાન મેળવી રહ્યો છે. પણ તે પહેલાં તેણે પોતાની જાતને નવેસરથી તપાસી લેવી પડશે. ભારતીય યોગ પ્રકૃતિનો પ્રતિનિધિ છે; પ્રકૃતિ પોતે એક સત્ય પર ઊભેલી છે અને એક હેતુ સિદ્ધ કરવા સતત કાર્ય કરી રહી છે. આ સત્ય અને આ હેતુમાં ભારતીય યોગનું એક ખૂબ ઊંડું સ્થાન છે. આ સ્થાનને તેના ઊંડાણમાંથી બહાર લાવવાનું છે, અને આ પ્રમાણે નવેસરથી આત્મજ્ઞાન પામીને અને પોતાનું સાચું મહત્ત્વ સમજીને તેણે એક નવો અને વિશાળ સમન્વય શોધી કાઢવાનો છે. યોગનો દાવો છે કે એ માણસને તેના જીવનનાં ગૂઢમાં ગૂઢ રહસ્યો અને ઉચ્ચમાં ઉચ્ચ શિખરો પ્રત્યે દોરે છે.

*

જો સાચા દૃષ્ટિબિંદુથી જીવન અને યોગ બંનેને જોઈએ તો સમગ્ર જીવન એ એક યોગ જ છે; કેટલીક વાર એ સમજપૂર્વકનો યોગ હોય છે તો કેટલીક વાર અજાણ્યે થતો યોગ હોય છે. તો પછી યોગ એટલે શું ? યોગ એટલે પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવાનો વ્યવસ્થિત યત્ન; અને

૧ મિડિયા એક ગ્રીક રાજકુમારી હતી. ભારે જાદુગરણી, ડોસાઓને જુવાન કરવાનો કિમિયો જાણે, તેમના અંગ કાપી કાપીને ઊકળતા તામડામાં નાખે. પરિણામે કાં તો ડોસો જુવાન બનીને બહાર નીકળે અને કાં તો કાયમનો જાય.


– અનુવાદક

આ પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત કરાય ? એ કરાય બેવડી રીતે : એક તો આપણી જાતમાં છુપાઈ રહેલી શક્યતાઓને બહાર આણીને અને બીજું વ્યક્તિ તરીકેની આપણી જાતને વિશ્વરૂપ અને વિશ્વથી પણ પર એવા પરમ તત્ત્વ સાથે એકરૂપ કરીને. આ પરાત્પર પરમ તત્ત્વ જ વિશ્વમાં અને માણસમાં મર્યાદિત રીતે વ્યક્ત થયેલું છે. જો આપણે ઉપરછલ્લી દૃષ્ટિ છોડીને જીવનને યથાર્થ રીતે જોઈએ તો જણાશે કે સમગ્ર જીવન એ પ્રકૃતિનો એક વિશાળ યોગ છે : પ્રકૃતિ પોતાની છૂપી શક્તિઓને સતત રીતે બહાર લાવીને પોતાની પૂર્ણતા સિદ્ધ કરવાનો, અને પોતાના દિવ્ય સત્ય સાથે એકતા સાધવાનો યત્ન કરી રહી છે. કુદરતે પૃથ્વી પર પહેલી જ વાર માણસનું – ચિંતનપ્રધાન માણસનું – સર્જન કર્યું છે; તે એટલા માટે કે, પોતાની જાતના ભાનવાળા માણસનો ઉપયોગ કરીને અને તેની પાસે રીતસરની, ઇચ્છિત પ્રવૃત્તિઓ કરાવીને તે પોતાના એ મહાન હેતુને જલદી અને સારી રીતે પાર પાડી શકે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે તે પ્રમાણે તો યોગ એ એક એવું સાધન છે કે જેની મદદ વડે આપણે આપણા આત્માની ઉન્નતિ આપણા આ એક જ જીવનમાં કે એ જીવનનાં થોડાંક જ વર્ષોમાં, અરે થોડાએક મહિનાઓમાં, કૂદકે અને ભૂસકે સાધી લઈ શકીએ. આજે પ્રકૃતિ શું કરી રહી છે ? ઉત્ક્રાંતિનું વિશાળ કાર્ય પાર પાડવા એ ખૂબ મોટા પાયા પર કામ કરી રહી છે અને એમ કરવામાં અમુક પદ્ધતિઓ અજમાવી રહી છે, પણ એ બધું એ ઢીલાશથી, નિરાંતથી અને વસ્તુઓ તેમ જ શક્તિનો દેખીતો અતિ વ્યય કરીને કરે છે. બધા યોગમાર્ગો કાર્ય તો આ જ કરે છે પણ મર્યાદિત રીતે; આ જ પદ્ધતિઓ અજમાવે છે પણ પસંદગી કરીને; અને તેમને અજમાવે છે પૂરી તાકાતથી અને ખૂબ જ અસરકારક રીતે. યોગ માટેનો આ એક જ ખ્યાલ એવો છે કે જે યોગમાર્ગોના સુદૃઢ અને બુદ્ધિગ્રાહ્ય સમન્વય માટે પાયા તરીકે કામ લાગી શકે.

*

## યોગમાર્ગોની પદ્ધતિઓ અને વિજ્ઞાન

આપણે આપણા સામાન્ય જીવનમાં વીજળી કે વરાળ વડે સ્વાભાવિક રીતે બનતી બાબતો જોઈએ છીએ. ભૌતિકશાસ્ત્રીઓ વીજળી અને વરાળની એ જ સ્વાભાવિક શક્તિઓને નાથે છે અને વાપરે છે. આ બંનેને સંબંધ છે અને છતાં તેમાં બહુ મોટો ફેર પણ છે. આવો જ સંબંધ અને તફાવત છે આપણી અંદર સ્વાભાવિક રીતે જે બની રહેતું હોય છે તેની વચ્ચે અને યોગમાર્ગો જે કરે છે તેની વચ્ચે. ભૌતિકશાસ્ત્રીઓની માફક યોગીઓએ પણ રીતસરના પ્રયોગો, ક્રિયાત્મક પૃથક્કરણ અને સતત અભ્યાસને પરિણામે જ્ઞાન મેળવેલું છે અને વિકસાવેલું છે, તથા એ જ્ઞાનના પાયા પર તેમણે તેમની ક્રિયા–પ્રક્રિયાઓને પદ્ધતિસર રચેલી છે. દાખલા તરીકે રાજયોગ લો. એ શું કરે છે ? અવલોકન અને અનુભવના આધારે તે કહે છે કે આપણી અંદર જુદાં જુદાં આંતરિક તત્ત્વો છે, તેનાં મિશ્રણો છે; તેઓ કાર્ય કરે છે અને તેમાં શક્તિ પણ છે; આ બધાંને નક્કી કરેલી આંતરિક ક્રિયાઓ દ્વારા છૂટાં પાડી શકાય છે અને તેમનો લય પણ કરી શકાય છે; તેમને નવી રીતે ભેગાં કરી શકાય છે અને તેના વડે નવાં અને અશક્ય લાગે



શ્રી અરવિન્દ

તેવાં કાર્યો પણ કરી શકાય છે; અથવા તેમનું રૂપાંતર કરી શકાય છે અને તેમનો, એક નવીન રીતે સમન્વય પણ કરી શકાય છે. આ જ પ્રમાણે હઠયોગ પણ અવલોકન અને અનુભવને આધારે કરે છે કે સામાન્ય સંજોગોમાં આપણું જીવન પ્રાણની શક્તિઓ અને કાર્યોને વશ હોય છે અને એ પ્રાણનાં કાર્યો અફર અને અનિવાર્ય લાગતાં હોય છે છતાં એ પ્રાણશક્તિને સંપૂર્ણ કાબૂમાં લાવી શકાય છે અને તેનાં કાર્યો બદલીને કે રોકીને અસંભવિત લાગે એવાં પરિણામો લાવી શકાય છે; જેઓ આ બાબતમાં કાર્યકારણોને ના સમજતા હોય તેમને તો આ પરિણામો ચમત્કારિક પણ લાગે. બીજા એવા પણ યોગમાર્ગો છે કે જેમાં યોગની આ ખાસિયત ઓછી વરતાઈ આવે છે, કારણ કે તે માર્ગોની ક્રિયાઓ યંત્રવત્ ઓછી છે અને સહજ-સ્ફુરણાવાળી વધારે છે (દાખલા તરીકે ભક્તિયોગ કે જેમાં ચરમ ભાવાવેશ મુખ્ય બાબત છે અથવા જ્ઞાનયોગ કે જેમાં ચેતના અને સત્તાની પરમ અનંતતા મુખ્ય બાબત છે). છતાં આ માર્ગો પણ આપણી કોઈ એક મુખ્ય કાર્યશક્તિને કામે લગાડીને પોતાના માર્ગની શરૂઆત કરે છે. આપણાં દૈનિક જીવનનાં સહજ કાર્યોમાં આ કાર્યશક્તિઓનો જે હેતુથી અને જે રીતે ઉપયોગ થતો હોય છે તેના કરતાં ક્યાંય જુદા હેતુ માટે અને જુદી રીતે આ માર્ગોમાં તેમનો ઉપયોગ કરવામાં આવે છે. ટૂંકમાં, બધા જ યોગમાર્ગો પ્રકૃતિના કોઈ એક નિશ્ચિત સત્યના પાયા પર રચાએલ ખાસ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ જ છે. પ્રકૃતિમાં ઘણી શક્તિઓ અને તે દ્વારા આવતાં પરિણામો છૂપાં પડેલાં હોય છે. પણ તે તેની સામાન્ય ક્રિયાઓમાં સહજ રીતે કે હમેશાં બહાર નથી આવતાં હોતાં.

*

## જીવન સમગ્ર યોગ છે

પૂર્ણયોગ તો એ જ હોઈ શકે જે એક બાજુએ, પોતાના ધ્યેય તરીકે, માણસજાતના મુક્ત અને પરિપૂર્ણ જીવનમાં ઈશ્વર અને પ્રકૃતિને ફરીથી એક કરી આપે; અને, બીજી બાજુએ, પોતાના એ ધ્યેયને સિદ્ધ કરવા માટેની તેની પદ્ધતિ પણ એવી જ હશે; એ માત્ર છૂટ આપશે એટલું જ નહિ પણ આગ્રહ રાખશે કે આપણી આંતરિક અને બાહ્ય પ્રવૃત્તિઓ અને અનુભૂતિઓની વચ્ચે

*અંતરાત્માનો આ અવાજ એ કાંઈ આપણે જેને અંગ્રેજીમાં 'કોન્શીઅન્સ' (અંતરનો અવાજ કે વિવેકશક્તિ) કહીએ છીએ તે નથી, કારણ કે એ 'કોન્શીઅન્સ' તો એક માનસિક અને, ઘણી વાર તો રૂઢી-પ્રધાન, ભૂલનો ભોગ થતી, અંતરાત્માના અવાજની અવેજી છે; અંતરાત્માનો અવાજ તો તેના કરતાં વધારે ઊંડો, અને ઓછો (કહો ને કે જવલ્લે જ) સંભળાતો, સાદ છે; છતાં ય જ્યારે એ સંભળાય ત્યારે એને જ અનુસરવું એ પૂરું ડહાપણ ભરેલું છે. એટલે સુધી કે, અંતરાત્માનો અવાજ સાંભળીને અથડાવું —કુટાવું એ, બુદ્ધિના અને બાહ્ય નૈતિકતાના, માર્ગદર્શન નીચે સીધા દેખાતા રસ્તે ચાલવાના કરતાં વધારે સારું છે.*

*(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૭૯)*

એક એવો સુમેળ સ્થાપીએ કે જેમાં એ બંને, દિવ્ય રીતે કૃતાર્થ થાય. કારણકે, બહુ સ્પષ્ટ રીતે જોતાં માણસ એ આ દુનિયા ઉપર ઊતરેલ, ઉચ્ચ અસ્તિત્વનો જાણે કે એક એવો પ્રતિનિધિ છે કે જેમાં નીચેની પ્રકૃતિ રૂપાંતર પામીને વધારેને વધારે ઊંચી પ્રકૃતિને પોતાની અંદર સ્વીકારી શકશે અને એ ઊંચી પ્રકૃતિ આ નીચેનાં સ્વરૂપોમાં પોતાની જાતને વધારે ને વધારે વ્યક્ત કરી શકશે. આ શક્યતાને સાચી ઠરાવવાને માટે માણસને જિંદગી આપવામાં આવી છે. એટલે આ જિંદગીથી દૂર નાસવું એ તેના પરમ પુરુષાર્થની કે તેની કૃતાર્થતાના બળવાન સાધનની ન તો અનિવાર્ય શરત હોઈ શકે, ન તો અંતિમ હેતુ હોઈ શકે, – કદી પણ નહિ. હા, એમ બને કે કેટલીક વાર કોઈ કોઈ વ્યક્તિને, ખાસ સંજોગોમાં અને તે પણ કામચલાઉ જરૂરિયાત તરીકે આમ કરવું પડે, પણ તે એટલા જ માટે કે જેથી કરીને આખી માણસજાતને માટે પ્રગતિની વધુ શક્યતા ખુલ્લી થઈ જાય. યોગનો, પૂર્ણયોગનો સાચો અને સંપૂર્ણ હેતુ અને ઉપયોગ ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે પ્રકૃતિના આંધળા યોગની માફક માણસનો જાગૃત યોગ બહારથી સમગ્ર જીવનને આવરી લે, અને જ્યારે સાધના અને સિદ્ધિ એ બંનેની તરફ જોઈને ફરીથી એક વાર વધારે પૂર્ણ અને વધારે દ્યોતક અર્થમાં આપણે કહી શકીએ કે ''જીવન સમગ્ર યોગ છે.''

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૩થી ૮)

*

## હઠયોગ

હઠયોગનાં મુખ્ય સાધનો છે આસનો અને પ્રાણાયામ. હઠયોગ દ્વારા આપણા શરીરને વૈશ્વિક પ્રાણશક્તિના સમુદ્રમાંથી શક્તિના પ્રવાહો આપવામાં આવે છે. પણ આપણું પ્રકૃતિ શરીર આ પ્રવાહોને સંગ્રહી શકતું નથી; તે એને બાહ્ય પ્રવૃત્તિઓમાં વેડફી નાખે છે. તેની આ નિર્બળતાની નિશાની છે તેનામાં રહેલી ચંચળતા. એટલે હઠયોગ તેનાં સંખ્યાબંધ આસનો દ્વારા સહુથી પહેલાં તો શરીરની આ ચંચળતા દૂર કરે છે. વળી તે તેને અસાધારણ આરોગ્ય, શક્તિ અને નમનીયતા આપે છે. શરીરને સામાન્ય ભૌતિક પ્રકૃતિનું દાસ બની રહેવાની ટેવ પડી ગએલી છે, અને તેના સામાન્ય વ્યવહારોની સાંકડી મર્યાદાઓમાં તે બંધાઈ રહેલું છે. હઠયોગનાં આસનો તેને આમાંથી મુક્ત બનાવી દે છે. હઠયોગની પુરાણી પ્રણાલીઓમાં હમેશાં એમ માનવામાં આવ્યું છે કે હઠયોગની આ સિદ્ધિઓ ગુરુત્વાકર્ષણને પણ ઘણા અંશે જીતી શકે છે. આ પછી હઠયોગી બીજી કેટલીક સહાયક છતાં અટપટી ક્રિયાઓનો આશરો લઈને શરીરને વિશુદ્ધ અને નાડીતંત્રને નિર્મળ કરે છે. આથી, સહુથી વધારે અગત્યના પ્રાણાયામના અભ્યાસ માટે એ તૈયાર બને છે. પ્રાણાયામ એટલે શ્વાસોચ્છવાસનું નિયમન કરતી અથવા પ્રાણ – શક્તિને કાબૂમાં રાખતી કસરતો; (શ્વાસોચ્છવાસ એ પ્રાણ શક્તિઓનું મુખ્ય શારીરિક કાર્ય છે). પ્રાણાયામ હઠયોગીને બેવડો લાભ કરે છે. પ્રથમ તો એ શરીરની પૂર્ણતાને પાર પાડે છે અને ભૌતિક પ્રકૃતિની ઘણી બધી સામાન્ય જરૂરિયાતોમાંથી પ્રાણ–શક્તિને મુક્ત બનાવે છે તથા પ્રચંડ તંદુરસ્તી, ચિર યૌવન અને ઘણી વાર અતિદીર્ઘ આયુષ્યને સિદ્ધ કરી આપે છે.

બીજું, પ્રાણાયામ કુંડલિનીને એટલે કે પ્રાણકોષમાં ગૂંચળું વળીને સુષુપ્ત પડેલી પ્રાણશક્તિને જાગૃત કરી આપે છે અને સામાન્ય માનવીને માટે જેનાં દ્વાર બંધ છે તેવાં ચેતનાનાં ક્ષેત્રો, અનુભૂતિઓની હારમાળાઓ અને અસામાન્ય કાર્ય – શક્તિઓ હઠયોગીની સમક્ષ ખોલી આપે છે; સાથે સાથે યોગીની પાસે જે કાંઈ સામાન્ય સામર્થ્ય અને કાર્યશક્તિઓ હોય તેને અતિ–પ્રબળ બનાવી આપે છે.

*

## રાજયોગ

રાજયોગની ભૂમિકા છે એક કાળજીભર્યું આત્મ–નિયંત્રણ કે જેના વડે નિમ્ન મનને ઢસડી જતી અનિયંત્રિત પ્રવૃત્તિઓને દૂર કરીને તેમની જગાએ મનની સારી ટેવોને સ્થાપવામાં આવે છે. સદાચાર વડે, અહં– પ્રધાન પ્રવૃત્તિઓના ત્યાગ વડે, અહિંસા, પવિત્રતા અને સતત ધ્યાન વડે, તેમ જ મનોરાજ્યના સાચા સ્વામીરૂપ દિવ્ય પુરુષ તરફ વળતા જઈને મન અને હૃદયમાં પવિત્રતા, પ્રસન્નતા અને સ્વચ્છતા સ્થાપવામાં આવે છે.

આ તો માત્ર પહેલું પગથિયું છે. એટલે તેની પછી મન અને ઇન્દ્રિયોની સામાન્ય પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે શાંત કરવી જ પડે કે જેથી ચેતનાના ઊર્ધ્વ સ્તરોમાં આરોહણ કરવા માટે આત્મા સ્વતંત્ર બને અને સંપૂર્ણ મુક્તિ અને પ્રભુત્વ માટેનો પાયો મળી રહે. વળી એ વાત રાજયોગના ખ્યાલ બહાર નથી રહી ગએલી કે સામાન્ય મનની નિર્બળતાઓ મોટે ભાગે આવે છે નાડીતંત્ર અને શરીર પરના તેના દાસત્વમાંથી. આથી તે હઠયોગમાંથી આસન અને પ્રાણાયામનાં સાધનોનો સ્વીકાર કરે છે; પણ તે દરેકના અનેકવિધ અને અટપટા પ્રકારોને એવા સાદા અને સીધેસીધા અસરકારક બનાવે છે કે જેથી પોતાના તાત્કાલિક ઉદ્દેશને માટે તે પૂરતા થઈ રહે. આ પ્રમાણે તે હઠયોગની સંકુલતા અને અતિશયતામાંથી મુક્ત રહે છે અને છતાં, શરીર અને પ્રાણ પર કાબૂ મેળવવા માટે અને યોગમાં જેને કુંડલિની કહેવામાં આવે છે તે સુષુપ્ત, છતાં અસાધારણ, આંતરિક શક્તિ–ભંડારને જાગ્રત કરવા માટે તેનાં ત્વરિત અને સમર્થ સાધનોનો ઉપયોગ કરે છે. આટલું કર્યા પછી રાજયોગ સતત વ્યગ્ર રહેતા મનને સંપૂર્ણ શાંત કરવા તરફ તેની શક્તિઓને એકાગ્ર કરીને વધારે ઊંચા સ્તર પર લઈ જવા તરફ વળે છે, જેથી ક્રમે ક્રમે સમાધિ સુધી પહોંચી શકાય.

*

## જ્ઞાનયોગ

જ્ઞાનયોગનું લક્ષ્ય છે એક અને અદ્વિતીય એવા પરમાત્માનો સાક્ષાત્કાર. તે શરૂઆત કરે છે બૌદ્ધિક ચિંતન, એટલે કે ''વિચાર''થી અને આગળ વધે છે સત્યાસત્યના ભેદ, એટલે કે ''વિવેક'' થી. તે આંતર–અવલોકન કરે છે અને આપણાં આભાસાત્મક વિવિધ અંગોને અલગ અલગ કરીને જુએ છે. તેમાંના કોઈ પણ અંગનો પોતાની સાચી જાત તરીકે સ્વીકાર કરવાની ના પાડે છે, અને એ સર્વેને પ્રકૃતિનાં અંગો, નામરૂપાત્મક ચેતનાનાં એટલે કે ''માયા''નાં

સર્જનો ગણીને તેમનાથી અલગ થઈ જાય છે, તેમનો ત્યાગ કરે છે. આથી તે પોતાનું સાચું સ્વરૂપ પ્રાપ્ત કરે છે અને તે શુદ્ધ, અદ્વિતીય, અવ્યય, અક્ષર આત્મા સાથે તાદાત્મ્ય સાધે છે. આટલે આવ્યા પછી સામાન્ય રીતે એવું બને છે કે આ માર્ગનું અનુસરણ કરનાર લોકો મોટે ભાગે આ નામરૂપાત્મક સંસારને, માયા ગણીને પોતાની ચેતનામાંથી દૂર કરી નાખે છે અને આત્માને કાયમ માટે પરમાત્મામાં સમાવી દે છે.

*

## ભક્તિયોગ

ભક્તિયોગનું લક્ષ્ય છે પરમ-પ્રેમ અને પરમ-આનંદનો લહાવો; અને એમ કરવા માટે એ, સાકાર પરમેશ્વર એ વિશ્વનો નાથ અને દિવ્ય પ્રેમી છે એવા ખ્યાલનો આશરો લે છે. પરિણામે એને સાક્ષાત્કાર થાય છે કે આ જગત એ પ્રભુની લીલા છે અને એમાં આપણું માનવજીવન એ એક એવી છેલ્લી ભૂમિકા છે કે જેમાં આપણે સંતાકૂકડીની રમત રમી રહ્યા છીએ. માનવજીવનના આપણા સંબંધોમાં ભાવાવેશવાળા જે કાંઈ સંબંધો હોય તે સર્વને જગતના નશ્વર સંબંધોમાંથી અલગ કરીને પ્રેમમય, સૌંદર્યમય, આનંદમય પ્રભુ પ્રત્યે વાળવા એ છે ભક્તિયોગનો સિદ્ધાંત. ભક્તિયોગ પૂજા અને ધ્યાનનો ઉપયોગ કરે છે, પણ તે દિવ્ય સંબંધની શરૂઆત માટે અને પછીથી તેને ગાઢ બનાવવા માટે. વળી આ માર્ગ ભાવોની બાબતમાં સર્વગ્રાહી છે, તે એટલે સુધી કે ઈશ્વર સાથેના વેર કે વિરોધની પણ તે છૂટ આપે છે, આ વેર કે વિરોધના ભાવને પણ તે પ્રેમનું જ એક સ્વરૂપ,– ઉગ્ર અને વિકૃત સ્વરૂપ ગણે છે અને તેમની દ્વારા પણ સાક્ષાત્કાર અને મોક્ષ શક્ય છે એમ માને છે. સામાન્ય રીતે ભક્તિયોગ જે રીતે અનુસરવામાં આવે છે તેના પરિણામે તે ભક્તને આ દુનિયાથી દૂર લઈ જાય છે અને જ્ઞાનવાદીના કરતાં જુદી રીતે, છતાં એ જ વિશ્વથી પર કોઈ અતીતના આનંદમાં મગ્ન કરી દે છે.

*

## કર્મયોગ

કર્મયોગનું લક્ષ્ય છે માનવીની દરેક પ્રવૃત્તિનું ઈશ્વરેચ્છાને સમર્પણ. તેની શરૂઆત થાય છે આપણાં કાર્યોની પાછળ રહેલ અહંપ્રધાન હેતુનો ત્યાગ કરીને, અંગત હેતુ ખાતર અથવા કોઈ દુન્યવી પરિણામને ખાતર, કર્મોનો આશ્રય લેવાનું બંધ કરીને. આવા ત્યાગથી આપણું મન અને સંકલ્પશક્તિ એવાં શુદ્ધ થાય છે કે જેથી કરીને આપણને ચોખ્ખેચોખ્ખું દેખાય છે કે આપણાં સઘળાં કામની સાચી કરનારી તો એ વિશ્વશક્તિ જ છે. અને આપણે એ પણ સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે એ વિશ્વશક્તિનો સ્વામી, પ્રભુ, એ પોતે જ આપણાં સર્વ કર્મોનો અધિષ્ઠાતા અને નિયંતા છે. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે આપણું વ્યક્તિત્વ એ તો માત્ર એક બાહ્ય આવરણ, એક નિમિત્ત, એક સાધન, અથવા વધારે સાચી રીતે, કર્મ કરવા માટેનું અને સાંસારિક સંબંધ સાચવવાનું એક જાગ્રત કેન્દ્ર માત્ર છે. અને પછી, આપણાં કર્મોની પસંદગી અને રીતિ વધારેને વધારે જાગ્રત રીતે આ પરમ-સંકલ્પ-સ્વરૂપ પ્રભુ અને આ

વિશ્વજનનીને સોંપાતી જાય છે. અને અંતે આપણાં સર્વ કાર્યો તેમ જ તેનાં પરિણામો તેના જ હાથમાં છોડી દેવામાં આવે છે. આ સર્વની પાછળનું ધ્યેય છે માયાનાં, અને કર્મની પરંપરાનાં બંધનમાંથી આત્માની મુક્તિ. અન્ય માર્ગોની માફક આ માર્ગનો આશ્રય પણ એટલા માટે લેવામાં આવે છે કે જેથી મળે સંસારમાંથી મોક્ષ અને ઈશ્વરમાં નિર્વાણ.

*

**તંત્ર**

સૌથી પહેલાં તો આપણે એ વાત નોંધવી ઘટે કે હજી આજે પણ ભારતમાં એક એવી જાણવા જેવી પદ્ધતિ હયાત છે કે જે પોતાની શરૂઆત કરે છે પ્રકૃતિના એક મહાન અને કેન્દ્રીય સિદ્ધાંતમાંથી, પ્રકૃતિની એક મહાન અને ગતિશીલ શક્તિમાંથી. તેનો પ્રકાર સમન્વયના જેવો છે પણ તેણે બધા યોગમાર્ગોનો સમન્વય નથી કર્યો. એ પોતે એક સ્વતંત્ર યોગમાર્ગ જ રહ્યો છે. એ છે તંત્રની સાધના. આ સાધનાના વિકાસમાં કેટલીક બાબતો એવી બની કે જેને લીધે બિન–તાંત્રિક લોકોમાં એ વગોવાઈ – ખાસ કરીને તો તેના વામમાર્ગને લીધે. આ વામમાર્ગે પાપ અને પુણ્યથી પર થઈ જવામાં સંતોષ ના માન્યો અને એ દ્વંદ્વની જગ્યાએ સહજ ધર્મવાળાં કર્મને સ્થાપવાને બદલે ભોગ ભોગવવાને, સંયમ વિના સામાજિક અનીતિ આચરવાને જાણે કે પોતાનો માર્ગ બનાવ્યો. એ ગમે તેમ, પણ મૂળમાં તો તંત્રમાર્ગ એક મહાન અને સમર્થ માર્ગ હતો જ. અને તેના મૂળભૂત સિદ્ધાંતો મોટે ભાગે ખરા હતા. તેના દક્ષિણ અને વામમાર્ગના ફાંટાની શરૂઆત પણ એક સત્ય પર જ થએલી છે. દક્ષિણ અને વામ શબ્દોનો મૂળ અર્થ જોતાં તેમનો ભેદ જ્ઞાન અને આનંદના પાયા પર રચાયો હતો. આપણી પ્રકૃતિમાં જે શક્તિઓ, તત્ત્વો અને છુપી શક્યતાઓ પડેલી છે તેના સામર્થ્યમાં અને તેને અજમાવવામાં જો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને માણસની પ્રકૃતિ મુક્ત બને તો તે દક્ષિણ માર્ગ અને જો તેનો આનંદપૂર્વક સ્વીકાર કરીને મુક્ત બને તો તે વામમાર્ગ. પણ છેવટે આ બંને માર્ગોના સિદ્ધાંતો લુપ્ત થઈ ગયા, વિધિઓ વિકૃત થઈ ગઈ અને તેમનાં પોતાનાં પતન થયાં.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૩૯થી ૪૯)

*

*આ જે સિદ્ધાંતની વાત છે એ છે એક આત્મ–સમર્પણ. માનવજાતનો દિવ્ય જાતને, તેની ચેતનાને, શક્તિને, આનંદને હવાલો; એક મિલન : મનોમય માનવ–આત્મામાં મિલનનાં દરેકેદરેક બિંદુએ એક એવું સં–મિલન કે જેના પરિણામે ભગવાન પોતે, સીધેસીધો જ કોઈ પણ જાતના આડ–અંચળા વિના તેના આ કરણનો માલિક અને લગામધારી બની, પોતાની હાજરીના પ્રકાશ અને માર્ગદર્શનથી માનવને અને તેની પ્રકૃતિની સર્વ શક્તિઓને એક દિવ્ય જીવન માટે પરિપૂર્ણ બનાવે.* *(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૨ પૃ. ૮૫)*



શ્રી માતાજી

# પૂર્ણયોગનો સિદ્ધાંત

## આપણે જે પદ્ધતિ અનુસરવાની છે

આ પદ્ધતિનો મનોવિજ્ઞાનની રીતે અર્થ એ થયો કે આપણો અહમ્ ક્રમે ક્રમે પોતાની જાત, પોતાનાં સમગ્ર ક્ષેત્ર અને તંત્રની સાથે અહમ્‌ના અતિક્રમને, જે અહમ્‌થી પર છે તેવા પ્રભુને, અને તેના વિશાળ અને અગણિત, છતાં હમેશાં અનિવાર્ય એવા સંચારને આધીન કરે છે. એટલું તો નક્કી જ છે કે આ કોઈ ટૂંકો માર્ગ નથી, કે નથી કોઈ સહેલી સાધના. તેમાં તો એક અડગ શ્રદ્ધા, જબરજસ્ત હિંમત અને તેથી ય વધારે તો અતૂટ ધીરજની જરૂર પડે છે. કારણ કે આ સાધનાની જે ત્રણ ભૂમિકા છે તેમાંની માત્ર છેલ્લી જ પૂરેપૂરી આનંદપૂર્ણ અને ઝડપી બની શકે છે. અહમ્‌ની પ્રભુ સાથે સંબંધ બાંધવાની મથામણ એ છે પહેલી ભૂમિકા. બીજી ભૂમિકા એ છે કે જેમાં પ્રભુ આખી જ નિમ્ન પ્રકૃતિને એવી વિશાળ અને પૂર્ણ રીતે (અને એટલે જ કષ્ટ–ભરી રીતે) તૈયાર કરે છે કે જેથી એ ઊર્ધ્વ પ્રકૃતિને ગ્રહણ કરી શકે અને તેજોમય બની જઈ શકે. ત્રીજી ભૂમિકા છે આખરી રૂપાંતર. હા, એટલું ખરું કે ભલે હમેશાં દેખાતી ના હોય અને પડદા પાછળ હોય છતાં પ્રભુની દિવ્યશક્તિ દરેક ભૂમિકામાં આપણી નિર્બળતાને સ્થાને આવી બેસતી હોય છે અને જ્યારે જ્યારે આપણી શ્રદ્ધા, હિંમત અને ધીરજ ખૂટી પડતી હોય છે ત્યારે ત્યારે આપણને ટેકો આપતી હોય છે. ''મૂંગાને બોલતો કરનારી અને લંગડાને પહાડ ચડાવી દેનારી'' એ જ છે. બુદ્ધિ જાગ્રત થઈને જુએ છે કે એક ધર્મ તેને લાભ–ભરી ધારણા આપે છે અને એક સહાય તેને ટકાવી રાખે છે; હૃદય પોકારે છે સર્વ સ્ખલનોમાં સલામતી આપનાર સર્વસ્વના સ્વામી અને મનુષ્યના મિત્રનું કે વિશ્વજનનીનું નામ. એટલે આ માર્ગ કલ્પી ના શકાય તેવો અઘરામાં અઘરો અને છતાં, તેના ધ્યેય અને કાર્યના હિસાબે સહેલામાં સહેલો અને સૌથી વધારે ખાતરીવાળો છે.

*

## પૂર્ણયોગની ધ્યાનાકર્ષક ત્રણ વિશિષ્ટતાઓ

ઊર્ધ્વ પ્રકૃતિ જ્યારે નિમ્ન પ્રકૃતિ ઉપર સમગ્ર રીતે કાર્ય કરે છે ત્યારે ખાસ ધ્યાન ખેંચે એવી તેની ત્રણ વિશિષ્ટતાઓ નજરે પડે છે. પ્રથમ તો, અન્ય વિશિષ્ટ માર્ગોની માફક એ કોઈ એક જ નિશ્ચિત પદ્ધતિ કે ક્રમ પ્રમાણે કામ નથી કરતી. પણ જે જે વ્યક્તિમાં એ કામ કરે છે તે દરેકના બંધારણને, તેની પ્રકૃતિમાંથી મળી રહેતી સહાયક વસ્તુઓને, તથા શુદ્ધિ અને પૂર્ણતાના કાર્યમાં બાધારૂપ થતાં તત્ત્વોને ધ્યાનમાં લે છે અને જાણે કે છૂટા હાથે અને છૂટથી કામ કરે છે અને છતાં ધીમે ધીમે તેને વધારેને વધારે પ્રબળ અને હેતુલક્ષી બનાવ્યે જાય છે. એટલે, જાણે કે, દરેક જણને પોતાને રસ્તે પોતાની અલગ સાધના હોય છે.

ઊર્ધ્વ પ્રકૃતિની કાર્ય–પદ્ધતિ સર્વગ્રાહી છે. તેની બીજી વિશિષ્ટતા એ છે કે ભૂતકાળના

આપણા વિકાસને પરિણામે આપણી પ્રકૃતિ જેવી રચાએલી છે તેવી તે સ્વીકારી લે છે અને તેમાંથી કોઈ પણ અગત્યની બાબતને ફેંકી દીધા વિના તે દરેકને દિવ્ય પલટો સ્વીકારવાની ફરજ પાડે છે. આપણી અંદરની દરેક વસ્તુને એક સર્વશક્તિમાન કીમિયાગર પકડમાં લે છે અને અત્યારના એના ગોટાળિયા સ્વરૂપને તેના અસલ અને સ્પષ્ટ સ્વરૂપમાં બદલી નાખે છે. આપણી અંદર સતત વિકાસ પામ્યે જતી એ અનુભૂતિને પરિણામે આપણે આ નિમ્ન સૃષ્ટિને સમજવા માંડીએ છીએ અને જોઈ શકીએ છીએ કે તેમાંની દરેકેદરેક વસ્તુ, ભલે ગમે તેટલી વિકૃત, મામૂલી કે હલકી કોટિની દેખાતી હોય છતાં તે દિવ્ય પ્રકૃતિના સુમેળમાં સ્થાન પામેલ કોઈક તત્ત્વ અગર કાર્યનું ઓછુંવત્તું ચૂંથાઈ ગયેલું કે અપૂર્ણ રહી ગએલું સ્વરૂપ છે.

ત્રીજી વિશિષ્ટતા એ છે કે આપણી અંદર રહેલ દિવ્યશક્તિ યોગને પૂર્ણ બનાવવા સમગ્ર જીવનનો ઉપયોગ કરે છે. દરેક અનુભવ અને બાહ્ય દુનિયા સાથેનો દરેક સંપર્ક, ગમે તેટલો મામૂલી હોય કે ગમે તેટલો ખતરનાક હોય છતાં પણ, તેને તે કામમાં લે છે; દરેક આંતરિક અનુભૂતિ પછી એ ભયંકરમાં ભયંકર યાતના હોય કે હીનમાં હીન પતન હોય છતાં તેને તે પૂર્ણતાના પંથ પરનું એક પગથિયું બનાવે છે. અને ખોલી આપેલાં આપણાં નયનથી આપણે આપણી અંદર જોઈ શકીએ છીએ પ્રભુની પૃથ્વી પરની કાર્ય–પદ્ધતિ; તે અંધકારમાં પ્રકાશ, નિર્બળ અને પતિતની અંદર શક્તિ, શોક અને દુઃખની પાછળ આનંદ શા માટે મૂકે છે તે આપણી આગળ છતું થઈ જાય છે. આપણે જોઈ શકીએ છીએ કે નિમ્ન પ્રકૃતિમાં પ્રભુની જે કાર્ય–પદ્ધતિ છે એ જ ઊર્ધ્વમાં છે. ફરક માત્ર એટલો કે એકમાં પ્રકૃતિની અવચેતના દ્વારા રગશિયું અને તામસિક કાર્ય થાય છે જ્યારે બીજામાં તે ઝડપી અને જાગ્રત રીતે થાય છે તથા સાધન પોતે પ્રભુનો હાથ પિછાને છે અને કબૂલ રાખે છે.

*

## શાસ્ત્રોથી પર

પૂર્ણયોગના સાધકે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ શાસ્ત્ર તે ગમે તેટલું આધારભૂત હોય કે તેનો આશય ગમે તેટલો વિશાળ હોય છતાં તે સનાતન જ્ઞાનને, અપૂર્ણ રીતે જ રજૂ કરતું હોય છે. મોટામાં મોટાં શાસ્ત્રોનો એ ભલે ઉપયોગ કરે પણ એ તેનાથી બંધાઈ નહિ જાય. જો કોઈ શાસ્ત્ર ખૂબ ઊંડાણવાળું, વિશાળ, સર્વગ્રાહી હોય તો તે તેને ખૂબ જ લાભકારક અને ખૂબ ખૂબ ઉપયોગી જરૂર થઈ શકે છે. વળી જ્યારે પોતે ઉચ્ચતમ સત્યો અને સાક્ષાત્કારો પ્રત્યે જાગ્રત થાય ત્યારે પોતાની અનુભૂતિઓને એ તે શાસ્ત્રો સાથે સરખાવી પણ શકે. તેની સાધના હિંદુ પ્રણાલી સાથે બંધ બેસતી બની વેદ, ઉપનિષદ કે ગીતા જેવાં એક કે વધારે શાસ્ત્રોના આધારે ઘણા લાંબા સમય સુધી આગળ વધી શકે. અથવા જુદાં જુદાં શાસ્ત્રોનાં અવનવાં અને કિંમતી સત્યોનો પોતાની સાધનામાં સમાવેશ કરીને તે પોતાના વિકાસમાં તેનો ઉમેરો કરી શકે અને ભૂતકાળની ઉત્તમ વસ્તુઓથી પોતાના ભાવિને સમૃદ્ધ કરી શકે. પણ છેવટે તો, (અને વધારે સારું તો એ છે કે, જો બને તો, પહેલેથી જ) તેણે પોતાના

જ આત્મા ઉપર ઊભા રહીને જીવવાનું છે, બધાં જ શાસ્ત્રોક્ત સત્યોને છોડી દેવાનાં છે – शब्द ब्रह्मातिवर्तते–, અને જે કાંઈ સાંભળેલું છે અને હવે પછી જે કાંઈ સાંભળવાનું છે – श्रोतव्यस्य श्रुतस्य च – તે સર્વથી પર થઈ જવાનું છે; કારણ કે તે એક કે અનેક ગ્રંથોનો નહિ, પણ અનંતપ્રભુનો પોતાનો સાધક છે.

*

## પૂર્ણયોગનો શાશ્વત વેદ અને પરમ માર્ગદર્શક

જેમ પૂર્ણયોગનું પરમ શાસ્ત્ર એ દરેક મનુષ્યના હૃદયમાં ગુપ્ત રીતે વસતો વેદ છે તે જ પ્રમાણે તેનો પરમ માર્ગ–દર્શક, પરમ ગુરુ એ પણ બીજું કોઈ નહિ પણ આપણી અંદર છુપાઈ બેઠેલો જગદ્–ગુરુ જ છે. એ એ જ છે કે જે એના જ્ઞાનના ઝળહળતા પ્રકાશ વડે આપણા અંધકારનો નાશ કરે છે અને આપણી અંદર તેનો પ્રકાશ, તેના પોતાના ઉદયની સાથે સાથે પોતાના જ મહિમાને વધારતો જાય છે. તે ધીમે ધીમે મુક્તિ, આનંદ, પ્રેમ, શક્તિ, અને અમરતાની પોતાની પ્રકૃતિ આપણી અંદર છતી કર્યે જાય છે. તેનું ઊર્ધ્વ સ્વરૂપ આપણી આગળ એક જીવંત આદર્શ તરીકે ખડું થાય છે અને તે, તેની દૃષ્ટિમાં આપણને જેવા સ્વરૂપે જુએ છે તેવા બનાવવા આપણા હલકા સ્વરૂપનું રૂપાંતર કરે છે. આપણી અંદર પોતાનો પ્રભાવ અને પોતાની જાત વહેવડાવીને તે આપણને, એક વ્યક્તિને, પરામાત્મા અને પરાત્પર સાથેની એકરૂપતા સિદ્ધ કરવાની શક્તિ આપે છે.

એવા ગુરુની પદ્ધતિ કઈ ? અને તેની રીત કઈ ? તેની કોઈ જ પદ્ધતિ નથી અને દરેક પદ્ધતિ તેની જ છે. અને તેની રીત છે, આપણી પ્રકૃતિ જે કાંઈ ઉત્તમ ક્રિયા કે ગતિ કે પ્રવૃત્તિ કરવાને શક્તિમાન છે તેને સહજ રીતે વ્યવસ્થિત કર્યે જવાની. તે તેની આ પદ્ધતિ અને આ રીત નાનામાં નાની વિગતને અને તુચ્છમાં તુચ્છ લાગતા કાર્ય ઉપર અજમાવે છે; વળી, એટલી જ સંભાળ અને પૂર્ણતાથી મહાનમાં મહાન કાર્ય ઉપર પણ એને અજમાવે છે અને છેવટે, એ સહુને પ્રકાશમાં મૂકી આપે છે અને તેમનું રૂપાંતર કરી નાખે છે. કારણ કે તેના યોગમાં કોઈ વસ્તુ એટલી નાની નથી કે જેને કામમાં ના લઈ શકાય, કોઈ બાબત એટલી મહાન નથી કે જે અજમાવી ના શકાય. જે કોઈ આવા માલિકનો દાસ કે શિષ્ય બને તે ન તો ગર્વ કરી શકે ન અહંકાર, કારણ કે તેનું બધું જ કામ ઉપરથી થતું આવે છે. અને તેથી, પોતાની અંગત નાલાયકી કે પ્રકૃતિની હીણપત જોઈને શોક પણ ના કરી શકે. કારણ કે તેની અંદર જે સામર્થ્ય કામ કરે છે તે કોઈ વ્યક્તિનું નથી, તે વ્યક્તિત્વથી પર છે અને અનંત છે.

*

## અહંકાર ઈશ્વરની કાર્યપદ્ધતિને સમજી શકે નહિ

પ્રભુની કાર્ય પદ્ધતિ આપણા અહમ્–ભર્યા મનને પસંદ નથી, મંજૂર પણ નથી, કારણ કે પ્રભુ તો ભૂલો કરાવીને સત્ય આપે છે, સહન કરાવીને સુખ આપે છે, પૂર્ણતાનો રસ્તો અપૂર્ણતામાંથી લઈ જાય છે. અહમ્‌ને સમજાતું નથી કે તેને કયાં દોરી જવામાં આવે છે; તે

દોરાવાનો ઇન્કાર કરે છે, બળવો કરે છે, વિશ્વાસ ગુમાવી બેસે છે, હિંમત હારી જાય છે. પણ તેનો કાંઈ વાંધો નહિ. કારણ કે આપણા અંતરમાં બેઠેલો ગુરુ આપણા બળવાથી ખિજાતો નથી, આપણી અશ્રદ્ધાથી ડગતો નથી, આપણી નિર્બળતાથી કંટાળતો નથી; તેનામાં તો માનો પૂર્ણ પ્રેમ અને ગુરુની પૂર્ણ ધીરજ છે. પણ તેની રાહબરીને આપણે જ્યારે નામંજૂર કરીએ છીએ ત્યારે તેનાથી મળતો લાભ આપણને દેખાતો બંધ થાય છે,—જો કે લાભ તો મળતો જ રહે છે, અને મળતો રહેવાની શક્યતા તો દી જ બંધ થતી નથી. અને આપણી નામંજૂરીનું કારણ એ હોય છે કે આપણે નથી જાણતા આપણી ઊર્ધ્વ જાત અને આપણી નિમ્ન જાતની વચ્ચેનો ભેદ; અને એ પણ નથી જાણતા કે આપણી આ નિમ્ન જાતમાંથી જ એ પોતાનાં દર્શન માટેનું દ્વાર બનાવી રહ્યો છે. આપણને દુનિયામાં, કે આપણી જાતમાં, પ્રભુનાં દર્શન નથી થતાં તેનું કારણ છે તેની કાર્યપદ્ધતિ. એ આપણી અંદર કાર્ય કરે છે આપણી પ્રકૃતિ દ્વારા અને નહિ કે મનગમતા ચમત્કારોની હારમાળા દેખાડીને. માણસ કહે છે, ''ચમત્કાર દેખાડો તો શ્રદ્ધા બેસે.'' પણ એનો અર્થ એ કે આંખો અંજાઈ જાય તો જ આપણે જોઈએ, પણ જો આંખો જ અંજાઈ જાય તો પછી દેખાશે શું ? આપણી આ અધીરપ અને અજ્ઞાનને પરિણામે જો આપણે પ્રભુના માર્ગે જવાનો સાફ ઇન્કાર કરી દઈએ અને ચમત્કારો દેખાડી આપણને સંતોષ આપનાર કોઈ વિકૃત શક્તિને બોલાવીએ અને તેને ભગવાનનું નામ આપી, આપણને દોરવાનું કહીએ તો તેનાં પરિણામ મહાભયંકર આવે એવો પૂરો સંભવ છે.

*

## યોગ એટલે પુનર્જન્મ

યોગ એટલે જ પુનર્જન્મ; આપણે જે બુદ્ધિપ્રધાન ભૌતિક જીવન જીવી રહ્યાં છીએ તેમાંથી એક ઉચ્ચ, આધ્યાત્મિક ચેતનામાં જવું અને એક વધારે વિશાળ અને દિવ્ય વ્યક્તિ બનવું એ છે એ નવો જન્મ. જ્યાં સુધી, ''આ વિશાળ આધ્યાત્મિક પ્રદેશમાં પહોંચ્યા વિના છુટકો જ નથી'' એવું તીવ્ર ભાન ના થાય ત્યાં સુધી યોગને બરાબર રીતે શરૂ કરવો કે પાર પાડવો એ શક્ય નથી. આ ગહન અને વિશાળ પરિવર્તન માટે જે આત્માઓને આવો સાદ થાય છે તેમની યાત્રાનો આરંભ વિવિધ રીતે થાય છે. પોતાનો જે સ્વાભાવિક વિકાસ થઈ રહ્યો છે તે જ કોઈકને, ખબર પણ ના પડે તેમ, આ આત્મજાગૃતિ પ્રત્યે દોરી જતો હોય છે; તો કોઈક, કોઈ ધાર્મિક અસરથી, તો કોઈક કોઈ તત્ત્વજ્ઞાનના આકર્ષણથી ખેંચાઈ આવે છે; તો વળી કોઈક ધીમે ધીમે, જ્ઞાનનો પ્રકાશ મેળવતાં મેળવતાં, તો કોઈક કોઈ આકસ્મિક સ્પર્શ કે આઘાતથી કૂદી પડીને; કોઈક બાહ્ય સંજોગોનો તો કોઈક અંદરથી ઊગતી જરૂરિયાતનો ધક્કો કે દોરવણી મેળવીને; કોઈક એકમાત્ર શબ્દ સાંભળતાં મનનાં બંધન તોડીને, કોઈક લાંબી લાંબી તરંગમાળાને અંતે; કોઈક કોઈ સિદ્ધ પુરુષનો દૂર દૂરનો દાખલો જોઈને, તો કોઈક વળી નિત્યના સંપર્ક અને પ્રભાવથી, એમ વિવિધ રીતે તેઓ પોતાની યાત્રાનો આરંભ કરે છે. દરેકને પોતાના સ્વભાવ અને સંજોગાનુસાર સાદ સંભળાય છે.

એ સાદ ભલે ગમે તે રીતે આવે પણ સાધકે સમજપૂર્વક એક મક્કમ નિર્ણય તો લેવો જ પડે છે અને તેના પરિણામરૂપ એક પૂરું અને કાર્યસાધક આત્મસમર્પણ કરવું જ પડે છે. માણસ કોઈ એક શુભ પળે એવું પગલું ભરી લે કે જેમાં એક નવી આધ્યાત્મિક સમજ અને શક્તિનો સ્વીકાર કરી લેવાયો હોય, જાતને એક ઊર્ધ્વ જીવનના પંથ પર ચડાવી દેવાઈ હોય, જાતમાં પ્રકાશ ઝળહળી ઊઠ્યો હોય, જીવનપલટાનો સંકલ્પ થઈ ગયો હોય અને હૃદયમાં અભીપ્સાએ નવો વળાંક લઈ લીધો હોય તો યોગથી જે કંઈ ફળ મળે છે તે સર્વનું બીજ રોપાઈ ચૂક્યું સમજવું.

આપણું મન ભલેને ગમે તેટલા જોરથી કોઈક વિચાર, ખ્યાલ કે બૌદ્ધિક શોધનો સ્વીકાર કરે પણ જો આપણું હૃદય એકમાત્ર તેની જ ઝંખના ના કરે અને આપણી સંકલ્પશક્તિ એકમાત્ર તેની જ પાછળ ના પડે તો તેનું કાંઈ જ પરિણામ નથી આવતું. કારણકે આધ્યાત્મિક સત્ય એ માત્ર એક વિચારવાની વસ્તુ નથી પણ ''જીવવાની'' વસ્તુ છે. અને તેને ''જીવવી'' હોય તો જરૂર પડે છે સમગ્ર જાતની એકતા અને એકાગ્રતાની; યોગથી જે પરિવર્તન લાવવાનું છે તે ઢચુપચુ સંકલ્પશક્તિ વડે કે શક્તિની થોડીઘણી આજમાયશથી, કે હા–ના કરતા મનથી મળી શકે નહિ. જેને ભગવાન જોઈએ છે તેણે પોતાની સમગ્ર જાત ભગવાનને, અને એકમાત્ર ભગવાનને સમર્પણ કરવી જ પડે !

*

## પ્રથમ જરૂરિયાત

આજે આપણા મનમાં, કેન્દ્રસ્થાને એક એવી શ્રદ્ધા અને દૃષ્ટિ બેસી ગઈ છે કે જે મનને તેના પોતાના જ વિકાસમાં અને સંતોષમાં એકાગ્ર અને બાહ્ય દુનિયામાં જ રચ્યુંપચ્યું રાખે છે. એટલે સૌથી પહેલી જરૂરિયાત એ છે કે શ્રદ્ધા અને દૃષ્ટિની આ ઉપરછલ્લી, પણ બંધાઈ ગએલી ગાંઠ છોડી નાખવી અને તેને બદલે પ્રભુને જ ધ્યાનમાં રાખતી અને પ્રભુને જ ઝંખતી ગહન શ્રદ્ધા અને દૃષ્ટિ સ્થાપવી. આપણી સમગ્ર નિમ્ન જાત આ નવી શ્રદ્ધા અને વિશાળ દૃષ્ટિનો સ્વીકાર કરે એવી તેની ઉપર ફરજ પાડવી એ છે બીજી જરૂરિયાત. આપણી સમગ્ર પ્રકૃતિએ પૂરેપૂરી શરણાગતિ સ્વીકારવી જ પડશે. આપણી પ્રકૃતિ પાસે ઇન્દ્રિયોથી દોરાતું અશુદ્ધ મન છે. તે આ દુનિયાને અને તેની વસ્તુઓને સાચી માને છે. જ્યારે ઊર્ધ્વની વસ્તુઓ તેને ઓછી સાચી લાગે છે. પણ આ વસ્તુઓ જે ઓછી સાચી લાગે છે તેને જ આપણી પ્રકૃતિને પોતાના દરેકેદરેક ભાગમાં અને તેની દરેક ગતિમાં સ્વીકારવી પડશે. આપણી સમગ્ર જાત, આપણો આત્મા, મન, ઇન્દ્રિયો, હૃદય, સંકલ્પશક્તિ, પ્રાણ, શરીર એ સર્વેએ પોતાની પૂરેપૂરી શક્તિઓને એટલી તો સમગ્રતાથી અને એવી તો રીતે શરણે કરવી પડશે કે જેથી સમગ્ર જાત પ્રભુનું યોગ્ય વાહન બની રહે. આ કાંઈ સહેલું કામ નથી, કારણકે દુનિયાની દરેક વસ્તુ પોતાની બંધાઈ ગએલી ટેવોને પોતાનો ધર્મ માનીને તેનું અનુસરણ કર્યા જ કરે છે; અને ધરમૂળના ફેરફારનો તો સામનો જ કરે છે. અને પૂર્ણયોગ જે ક્રાંતિ કરવા માગે છે તેના કરતાં વધારે ધરમૂળનો ફેરફાર બીજો કયો હોઈ શકે ? આપણી અંદર જે કાંઈ છે તે સર્વેને સતત

પાછાં ખેંચીને આ કેન્દ્રવર્તી શ્રદ્ધા, સંકલ્પ અને દૃષ્ટિની સાથે તેમને જોડેલાં રાખવાનાં છે. દરેક વિચારને, દરેક કામનાને સતત યાદ દેવડાવવું પડે છે કે : ''એ જ બ્રહ્મ છે; એને તું ઓળખ; લોકો જેને પૂજે છે તે એ નથી''[૧] પ્રાણના તંતુએ તંતુને સમજાવવો પડે છે કે આજ સુધી તેં જેને તારી પોતાની જ જાત માની છે તેને છોડી દે, છોડી દે. મને મન મટી જવાનું છે અને જે મનથી પર છે તેના વડે ઝળહળવાનું છે. પ્રાણે એવા તો વિશાળ, અને પ્રશાંત, અને ગહન, અને સમર્થ થવાનું છે કે જેથી કરીને પોતે પોતાની જ એ જૂની અંધ, અશાંત, સાંકડી જાતને અને એ જૂની ક્ષુલ્લક કામનાઓ અને વાસનાઓને ઓળખી પણ ના શકે. ખુદ શરીરે પણ એક પરિવર્તનનો સ્વીકાર કરવાનો છે, જેથી તે ન તો રહે બૂમાબૂમ કરતું પશુ કે અટવાયા કરતું ઢેફું પણ તેને બદલે બની જાય આત્માનો એક અચેતન સેવક, તેનું ચમકદાર કરણ અને જીવંત અને સાકાર સ્વરૂપ.

*

## આપણે જે ઈશ્વરની આરાધના કરીએ છીએ તે

જે ઈશ્વરની આપણે આરાધના કરીએ છીએ એ માત્ર વિશ્વથી પર જ નથી, પણ, હજી અર્ધા ઢંકાએલ આવિર્ભાવ તરીકે આ વિશ્વમાં આપણી પાસે અને અત્યારે પણ એ મોજૂદ છે જ. આ દુનિયા પરનું જીવન એ પણ ઈશ્વરના આવિર્ભાવ માટેનું મેદાન છે, પણ હજી એ આવિર્ભાવ પૂર્ણ નથી થયો એટલું જ; ઉપનિષદ આગ્રહપૂર્વક કહે છે ''इहैव'' અહીંયાં જ, આ જીવનમાં જ, પૃથ્વી પર, આ શરીરમાં આપણે ઈશ્વરને છતો કરવાનો છે; તેના પરાત્પરના મહિમાને, પ્રકાશને, માધુર્યને અહીંયાં આપણી ચેતનામાં પ્રત્યક્ષ કરવાનાં છે, અહીંયાં જ તેને પકડવાનાં છે અને શક્ય તેટલાં વ્યક્ત કરવાનાં છે. એટલે આપણા યોગમાં જીવનનો સ્વીકાર કરવાનો જ છે, પણ તે માત્ર તેના રૂપાંતર માટે; આ સ્વીકારથી આપણા સંગ્રામમાં મુશ્કેલીઓનો વધારો થશે; તો, ભલે થાય, – એ મુશ્કેલીઓ ટાળવાની મનાઈ છે. આ માર્ગ વધારે વિકટ હશે, આ યત્ન વધારે અટપટો અને મૂંઝવણભર્યો અને મહેનતનો હશે, પણ તેના બદલામાં આપણને લાભ પણ એવો જ જબ્બર મળવાનો છે. કારણકે એવો સમય પણ આવે જ છે કે જ્યારે નવી દૃષ્ટિ આપણા મનમાં ઠીક ઠીક સ્થિર થઈ જાય છે અને આપણી સંકલ્પ–શક્તિ આ એક માર્ગનો સારો એવો સ્વીકાર કરી લે છે તે પછી આ જીવન પોતે જ એક મદદગાર બની રહે છે.

*

## માનવજાતિનો પ્રતિનિધિ

એ તો સમગ્ર જીવનનો સ્વીકાર કરે છે. એટલે તેણે પોતાનો સારી પેઠે ભારે બોજ તો ઉઠાવવાનો જ છે પણ તેમાં વધારો કરતો, અને તેના જ ભાગરૂપ, દુનિયાના બોજાનો પણ સારો એવો ભાગ ઉઠાવવાનો છે. બીજા યોગમાર્ગોની સરખામણીમાં તો એણે અહીં એક લડાઈ

---

૧. तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।
(કેનોપનિષદ્ ૧;૫.)

જ લડવાની છે, – અને તે પણ એક દ્વંદ્વ નહિ પણ એક વિશાળ પ્રદેશ સામે, કહોને કે દેશ સામે, જાહેર કરેલ મહાયુદ્ધ. તેણે અહમ્–પ્રધાન અસત્ય અને અંધાધૂંધીને પોતાની જાતમાં જીતવાનાં છે એ સાચું પણ સાથે સાથે આખા વિશ્વમાં ફેલાએલ અનંત આસુરી શક્તિઓના પ્રતિનિધિ તરીકે તેમને જીતવાનાં છે. એ પ્રતિનિધિ, કે દૂત જેવાં છે એટલે જ એમનો પ્રતિકાર મચક આપતો નથી; જાણે કે હલ્લા ઉપર હલ્લા, અનંત હલ્લા, કર્યા કરવાનો તેમનો પરવાનો છે. ઘણી વાર તેને લાગે છે કે બરાબર મંડ્યા રહીને તેણે પોતાની જાતમાં એક વિજય બરાબર સ્થાપી દીધો છે; અને છતાં તે જુએ છે કે હજી તો એણે, એની એ લડાઈ, જાણે કે અંત વિના, લડ્યા જ કરવી પડશે. એનું કારણ એ છે કે તેની આંતર–ચેતનાને એટલી તો વિશાળ કરી દેવામાં આવી છે કે જેથી તેમાં માત્ર પોતાની જ જાત અને તેની મર્યાદિત જરૂરિયાતો અને અનુભૂતિઓનો જ સમાવેશ નથી થતો પણ બીજા સહુ કોઈની સાથે એક જ મોરચો માંડીને તે ઊભો છે; તેની જાતમાં સમગ્ર વિશ્વનો સમાવેશ થએલો છે....

વળી, પૂર્ણ સિદ્ધિની સાધના કરતો સાધક માત્ર પોતાના પૂરતી જ સાધના કરવા ઇચ્છે તોપણ તે કોઈ અપૂર્ણ ઉકેલથી પોતાની અંદર અંદરનો કલહ શાંત નહિ કરી શકે. તેણે તો ચિંતન દ્વારા મેળવેલ જ્ઞાનને, શંકાની છાયા વગરની શ્રદ્ધા સાથે મેળમાં મૂકવાનું છે; તેણે તો પ્રેમના મૃદુ આત્માને પ્રચણ્ડ શક્તિ સાથે રાગમાં લાવવાનો છે; પરાત્પરની પ્રશાંતતામાં નિષ્ક્રિય બની રાચતા આત્માને, ઝઝૂમી રહેલા દિવ્ય કાર્યકર્તા અને દિવ્ય યોદ્ધા સાથે એકાકાર કરી દેવાનો છે. આધ્યાત્મિકતાના સર્વ સાધકોની માફક તેણે પણ બુદ્ધિના વિરોધો, ઇન્દ્રિયોની નાગચૂડ, હૃદયના ઉત્પાતો, વાસનાઓનાં જાળાંઓ, શરીરના હઠાગ્રહો એ સર્વેને ઉકેલવા જ પડે છે. પણ તેમના એ પરસ્પર અને આંતરિક ઝગડાઓ અને તેથી સાધનામાં આવતી મુશ્કેલીઓને પણ બીજી જ રીતે ઉકેલવાનાં છે; કારણ કે આ સર્વ બળવાખોરોને સીધા કરીને તેણે તો પૂર્ણતા સ્થાપવાની છે; અને એ કામ તો કલ્પી ના શકાય એટલું મુશ્કેલ છે. તેણે તો, એ બધાંનો દિવ્ય સાક્ષાત્કાર અને દિવ્ય આવિર્ભાવ માટેનાં સાધનો તરીકે સ્વીકાર કરીને તેમની બેસૂરતામાં રાગ બેસાડવાનો છે, તેમના અંધકારભર્યા થરમાં પ્રકાશ પાથરવાનો છે, તેમનું અલગ અલગ અને એકત્ર રીતે રૂપાંતર કરવાનું છે, તેમની અંદર અલગ અલગ સમગ્ર રીતે સુમેળ સ્થાપવાનો છે; આ બધું પણ પૂરેપૂરું, – એક પણ ટુકડો, તંતુ કે આંદોલન છોડવાનું નથી, ક્યાંય અપૂર્ણતાનો કણ પણ રાખવાનું નથી. સર્વ તજીને એક જ બાબત પર, અથવા તો વારાફરતી જ એક એક બાબત પર, એકાગ્ર થવું હોય તોપણ પોતાના આ જટિલ કાર્યની એક કામચલાઉ સગવડ તરીકે જ એમ કરી શકાય; જેવી એની જરૂર પૂરી થઈ કે તરત જ એ રીત છોડી જ દેવાની. તેણે મથી મથીને જે સિદ્ધ કરવાનું છે એ તો છે અતિ મુશ્કેલ એવી સર્વગ્રાહી એકાગ્રતા.

*

## કોઈ પણ યોગમાં સર્વ પ્રથમ જરૂરિયાત : એકાગ્રતા

યોગનો કોઈ પણ માર્ગ લો પણ તેમાં સૌથી પહેલી જરૂર પડવાની એકાગ્રતાની. પણ

પૂર્ણયોગ એવો છે કે એમાં એ એકાગ્રતા સર્વગ્રાહી બનાવવી પડે છે. હા, એટલું ખરું કે અહીં યાં પણ વિચાર, લાગણીઓ કે સંકલ્પશક્તિને અલગ અલગ રીતે કોઈ એક ખ્યાલ, વસ્તુ, મનોદશા, આંતરિક ગતિ, અથવા સિદ્ધાંત પર એકાગ્ર કરવાની અવારનવાર જરૂર પડે, પણ એ માત્ર એક ગૌણ મદદ તરીકે. આ યોગની મુખ્ય ક્રિયા તો છે આપણી સમગ્ર જાતને તથા તેના દરેક અંગને એ અદ્વિતીય ''એક'' કે જે ''સર્વ'' છે તેની પ્રત્યે પૂરેપૂરી ખોલી નાખવી અને એ જ સમગ્ર જાત અને તેનાં સર્વે અંગોને મેળમાં મૂકી તેની ઉપર એકાગ્ર કરવી. આ સિવાય આ યોગનું લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેમ નથી. કારણકે આપણી અભીપ્સા તો છે : એ જ ચેતના કે જે ''એક''માં વસે છે અને ''સર્વ''માં કાર્ય કરી રહી છે, તેને પ્રાપ્ત કરવી; અને એ જ ચેતનાને આપણી જાતનાં દરેકેદરેક તત્ત્વ ઉપર અને આપણી પ્રકૃતિની દરેકેદરેક ગતિ ઉપર ઠસાવવી. આ જ વિશાળ અને એકાગ્ર પૂર્ણતા એ છે આ સાધનાની સારરૂપ ખાસિયત; અને યોગાભ્યાસનો આધાર હોય છે સાધનાની ખાસિયત પર.

*

## ઊર્ધ્વનો પ્રકાશ જે આપણી અંદર તેનું કાર્ય કરે

એક એવી એકાગ્રતા કે જે પોતે જ છેવટે જીવંત સાક્ષાત્કાર થઈને ઊભી રહે, અને આપણી જાતમાં, અને આપણે બીજું જે કાંઈ જાણીએ છીએ એ સર્વમાં, પ્રભુની હાજરીની સતત અનુભૂતિ : એ છે યોગમાં થતો ''જ્ઞાન'' અને ''જ્ઞાન''– ની શોધનો અર્થ. શાસ્ત્રો વાંચીને કે ચિંતનભર્યા તર્કનો આશરો લઈને પ્રભુને બૌદ્ધિક રીતે સમજવા મંડ્યા રહેવું એ પૂરતું નથી; એવી અથાગ માનસિક મહેનતને અંતે, આપણે, સનાતન પ્રભુના વિશે જે કાંઈ કહેવાનું હોય તે જાણી શક્યા હોઈએ, અનંત પ્રભુના વિશે જે કાંઈ વિચારી શકાય તે પણ મેળવ્યું હોય, અને છતાં ય તેના વિશે આપણે કાંઈ જ જાણ્યું ના હોય એમ પણ બને. આવું બૌદ્ધિક ખેડાણ એ કોઈ પ્રબળ યોગની પહેલી ભૂમિકા જરૂર બની શકે, પણ એ કાંઈ અનિવાર્ય નથી; એ કોઈ એવી તૈયારી નથી કે જે બધાએ કરવી જ જોઈએ, કે બધાની પાસે કરાવવામાં આવતી જ હોય. અનુમાન કે ચિંતન કરીને મેળવેલ બૌદ્ધિક જ્ઞાન એ જો યોગસાધનાની અનિવાર્ય શરત કે ફરજિયાત ભૂમિકા હોત તો, જૂજ અપવાદ સિવાય, કોઈ જ યોગ ના કરી શકત. ઊર્ધ્વનો પ્રકાશ આપણી અંદર તેનું કાર્ય કરી શકે એટલા માટે એ બે જ માગણી કરે છે : આત્માનો સાદ અને મનમાં ઠીક ઠીક ધારણ-શક્તિ. મનમાં પ્રભુનું સતત ચિંતન કરીને, ગતિશીલ ભાગોમાં એવી જ એક સંકલ્પ–શક્તિ ભેગી કરીતે અને હૃદયમાં એક અભીપ્સા, એક શ્રદ્ધા, એક ભૂખ જાગ્રત કરીને આ ધારણ–શક્તિ મેળવી શકાય. જો ત્રણે ય બાબતો એક થઈને કે એક તાલમાં આગળ ના વધે તો એમ પણ બને કે ગમે તે એક દોરવણી આપે, કે આગળ પડતી બને. શરૂઆતમાં, ચિંતન પૂરતું ના હોય –, અને ના જ હોય –, અભીપ્સા પણ નાની અને કાચી હોય, શ્રદ્ધામાં પૂરતો પ્રકાશ ના હોય, અથવા, જ્ઞાનના ખડક પર તેનો પાયો મંડાએલો ના હોઈ વત્તી–ઓછી થતી હોય, આનાકાની કરતી હોય કે સહેલાઈથી ઓસરી જતી પણ હોય;

કદીક એ સમૂળગી ઓલવાઈ પણ જાય અને ફૂંકાતા પવનમાં બુઝાઈ ગએલી મશાલની માફક એને મહામુશ્કેલીએ ફરી ફરીને પેટાવવી પડે એમ પણ બને. પણ જો, એક વાર અંતરમાં ઊંડે ઊંડે પણ આત્મસમર્પણનો સંકલ્પ થઈ ગયો હોય, જો આત્માના સાદથી જાગી જવાયું હોય તો એ બધી કાચી કાચી બાબતો પણ પ્રભુને કામ કરવા માટેનાં પૂરતાં સાધનો બની શકે છે. એથી જ શાણા પુરુષો ભગવાનને રસ્તે જનારના માર્ગમાં મર્યાદા મૂકતાં વિચાર કરશે, પ્રવેશ કરવા માટેના એના નાનામાં નાના બારણાને, નીચામાં નીચા અને અંધારિયા બાકોરાને, કે ખુદ ડોકાબારીને પણ બંધ નહિ કરે. જો સમર્પણ-ભાવ હોય તો ગમે તે નામે, ગમે તે રીતે, ગમે તે રૂપે, અને ગમે તે વસ્તુ અર્પણ કરવામાં આવે એટલું પૂરતું છે; કારણ કે સાધકના હૃદયમાં બેઠેલો ભગવાન, બધું જ સમજે છે અને બધી જ ભેટ સ્વીકારે છે.

*

## ઇચ્છાશક્તિને તાલીમ આપવી

અહમ્-ભરી કામનાથી અને અજંપાવાળા આવેશથી વચ્ચે કૂદી પડનારા આ ઇચ્છા–તત્ત્વને ખબર છે કે એ મર્યાદિત છે અને વિરોધી પણ છે, – અને મર્યાદિત છે એટલે જ તો એ આવેશથી ઝંખના અને મથામણ કરે છે. કામના કરનાર આ પ્રાણશક્તિને, ઇચ્છા – તત્ત્વને સૌથી પહેલાં સ્વીકારવું જ પડશે; પણ તે એટલા જ માટે કે તેનું રૂપાંતર થાય. શરૂઆતથી જ એને શીખવાડવું પડે છે કે એ બીજી બધી જ ઇચ્છાઓ છોડી દે અને એકમાત્ર પ્રભુપ્રાપ્તિની ઝંખના પર એકાગ્ર થાય. અને એક વાર આ અતિ અગત્યની બાબત પાર પડે એટલે પછી તેને શીખવાડવાનું એ છે કે અલગ પડીને પોતાને ખાતર નહિ પણ દુનિયામાં રહેલા, અને આપણી અંદર પણ રહેલા ભગવાનને ખાતર તે કામનાઓ કરે. એણે કોઈ પણ અંગત લાભ મેળવવાનો નથી, – આધ્યાત્મિક લાભ પણ નહિ –, (જો કે આપણને તો પૂર્ણ શ્રદ્ધા છે જ કે શક્ય તેટલા બધા આધ્યાતિમક લાભ થવાના જ છે); પણ, આપણી અને બીજાઓની ખાતર જે મહાન કાર્ય પાર પાડવાનું છે તેને જ તેણે વળગી રહેવાનું છે; અને એ મહાન કાર્ય છે : ઊર્ધ્વ આવિર્ભાવ, પૃથ્વી ઉપર પ્રભુની પૂર્ણતા, પરમ સત્યની શોધ, સત્યમય જીવનની અનંત કાળના સિંહાસન પર સ્થાપના. પણ હજી ય તેને એક વસ્તુ શીખવાની છે; છેલ્લી, પણ તેને માટે અઘરામાં અઘરી, – સાચી જ વસ્તુની કામના કરવાના કરતાં પણ અઘરી. એ છે : સાચી રીતે કામના કરવી. તેણે એ શીખવું જ પડશે કે તેણે પોતાની અહમ્‌ભરી રીતે નહિ પણ દિવ્ય રીતે, પ્રભુની રીતે ઇચ્છાઓ કરવાની છે. મજબૂત, છતાં અલગ રહેતી, ઇચ્છાશક્તિ હમેશાં એવો આગ્રહ રાખ્યા કરતી હોય છે કે તે પોતાની જ રીતે કાર્ય પાર પાડે, પોતાની જ રીતે સ્વપ્નાં સિદ્ધ થાય, યોગ્યાયોગ્ય અને ઇષ્ટ – અનિષ્ટના પોતાના જ ખ્યાલ સચવાય; પણ તેણે હવે એ જૂની ટેવ છોડવી જ પડશે; હવે તેણે, એક વિશાળ અને મહાન સંકલ્પશક્તિની રીતે કાર્ય પાર પડે તેવી ઝંખના કરવી પડશે; સ્વાર્થહીન અને અજ્ઞાન–વિહીન માર્ગદર્શનને મંજૂર રાખતાં, તેની આજ્ઞા સાંભળતાં શીખવું પડશે. ઇચ્છાશક્તિને આજ સુધી જંપ નથી, એણે

આપણને મુશ્કેલીઓ અને હેરાનગતિઓ જ આપ્યા કરી છે; અને આપણને દરેક જાતની ઠોકરો જ ખવડાવ્યા કરી છે. પણ, આ પ્રમાણેની તાલીમ પામ્યા પછી, એ જ ઇચ્છાશક્તિ એવી તો તૈયાર થઈ જશે કે તેનું તેના દિવ્ય રૂપમાં રૂપાંતર થઈ જશે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૫૨થી ૯૭)

*

## દિવ્ય માનવજાતિ અથવા અતિમાનસ જાતિની વ્યાખ્યા

પૂર્ણયોગનો હેતુ છે : નાના શા, બહિર્મુખ અહમ્‌ને દેશવટો અને પ્રકૃતિના સ્વામી પ્રભુની સમ્રાટ તરીકે સ્થાપના. એનો અર્થ એટલો જ કે ઇચ્છાનું વારસાપદ જપ્ત કરવું અને ઇચ્છાઓના ઉપભોગનો, માણસના ચક્રવર્તી રાજા તરીકેનો હક્ક છીનવી લેવો. આધ્યાત્મિક જીવનના અસ્તિત્વનો આધાર ઇચ્છા પર નહિ પણ જીવનના પોતાના સ્વયંભૂ, વિશુદ્ધ, સ્વાર્થહીન આધ્યાત્મિક આનંદ ઉપર નિર્ભર રહેશે. અને ઇચ્છાની મહોરવાળા માત્ર આપણા પ્રાણનો જ નહિ પણ આપણા મનનો પુનર્જન્મ અને રૂપાંતર થવાં જ જોઈએ. આપણા દ્વૈત–દૃષ્ટિવાળા, અહમ્‌પ્રધાન, મર્યાદિત અને અજ્ઞાની વિચારો અને બુદ્ધિ અદૃશ્ય થવાં જ જોઈએ. અને તેની જગ્યાએ એક, અંધકારનો ઓછાયો પણ ના હોય એવા દિવ્ય પ્રકાશની સર્વગ્રાહી અને સ્ખલનહીન લીલા વહેતી મુકાવી જ જોઈએ; એ લીલાના અંતે વ્યાપી રહેશે સહજ, સ્વયંભૂ, ઋત-ચેતના; તેમાં નહિ હોય અંધારિયાં અર્ધ–સત્યો અને ભૂલભરેલાં સ્ખલનો. આપણી ગૂંચવાએલી, મૂંઝાએલી, અહમ્–કેન્દ્રિત, નાના નાના હેતુ પર કૂદનારી સંકલ્પશક્તિ અને કાર્યોએ બાજુ પર ખસ્યે જ છૂટકો. અને તેની જગ્યાએ સ્થપાશે વીજળીશી સમર્થ, પ્રકાશશી સહજ, પ્રભુ-પ્રેરિત, પ્રભુ-ચાલિત શક્તિનું પૂર્ણકાર્ય. આપણા દરેકેદરેક કર્મમાં પાયો નાખીને કાર્ય કરશે એક પરમ, બિનઅંગત, મક્કમ, સ્ખલનહીન સંકલ્પશક્તિ કે જે પ્રભુની પોતાની ઇચછા સાથે સહજ રીતે અને સ્થિરતાથી એકરૂપ હશે. આપણી, નબળી અહમ્‌ભરી ભાવનાઓના બિનસંતોષકારક, ઉપરછલ્લા ઊભરા ખાલી થવા જ જોઈએ અને તેમની જગ્યાએ અંતરમાંથી તરી આવવું જોઈએ એક ગુપ્ત, ગહન, અને વિશાળ ચૈત્ય-હૃદય, જે, એની ઘડી માટે ક્યારનું ય, તેમની પાછળ, રાહ જોઈ રહ્યું છે; પ્રભુના નિવાસરૂપ આ આંતરહૃદયના પ્રભાવથી આપણી સર્વ લાગણીઓ દિવ્ય પ્રેમ અને અનંત મુખ આનંદની બેલડીનાં ધીર ગંભીર આંદોલન માં રૂપાંતર પામશે. આ છે દિવ્ય માનવજાતિ યા માનવજાતિનું અતિ સ્વરૂપ. પૂર્ણયોગથી ઉત્ક્રાંત થવા આપણને જે સાદ કરી રહી છે એ અતિ માનવજાતિ આવી જ હશે, – અને નહિ કે આજની આપણી બુદ્ધિ અને કાર્યોની પાછળ રહેલી માનવશક્તિની અતિશયતા કે ખુદ ઉચ્ચતાવાળી કોઈ નવી માનવજાતિ.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૦૪થી ૧૦૫)

*



દર્શન

# દિવ્ય કર્મોનો યોગ

**પ્રભુમાં જીવવું અને કાર્ય કરવું**

ઈશ્વરમાં જીવન ધારણ કરવું અને નહિ કે અહમ્‌માં, એક વિશાળ પાયા પર સ્થિર થઈ સર્વાત્મા અને પરાત્પરની ચેતનામાં જીવવું અને નહિ કે નાની શી અહમ્–પ્રધાન ચેતનામાં.

ગમે તેવા પ્રસંગો કે વ્યક્તિઓની વચમાં પણ સમતા જાળવવી અને એ સર્વે પોતાની જાત સાથે અને ભગવાન સાથે એકરૂપ છે એમ સમજવું અને અનુભવવું; સર્વ કોઈ અને સર્વ કાંઈ આપણી અંદર છે અને ભગવાનની પણ અંદર છે એમ અનુભવવું; ભગવાન બધાંની અંદર છે અને આપણી જાત પણ બધાંની અંદર છે એમ અનુભવવું.

પ્રભુમય થઈને કર્મો કરવાં, નહિ કે અહમ્‌માં રહીને. આમાં ત્રણ તબક્કા : એક : આપણી અંગત જરૂરિયાત કે અંગત ધોરણને ધ્યાનમાં રાખીને નહિ પણ આપણી ઉપર આવી રહેલા જીવંત અને ઉચ્ચતમ સત્યના આદેશ અનુસાર કર્મો પસંદ કરવાં. બે : આપણે આધ્યાત્મિક ચેતનામાં ઠીક ઠીક સ્થિર થઈ જઈએ એટલે તરત જ આપણી ભેદભાવવાળી સંકલ્પશક્તિ અને વૃત્તિથી કર્મો કરવાનું બંધ કરવું અને તેને બદલે આપણાથી પર એવી ઈશ્વરેચ્છા, પ્રભુની સંકલ્પશક્તિની પ્રેરણા અને માર્ગદર્શનથી કાર્યો થવા દેવાં અને આગળ વધવા દેવાં. અને ત્રણ (વળી, આ છે પરમ સિદ્ધિ) : જ્ઞાન, શક્તિ, ચેતના, કર્મ, સ્વયંભૂ આનંદ, એ સર્વમાં ભગવાનની શક્તિ સાથે એકરૂપતાની ઉચ્ચ દશામાં પહોંચી જવું; એક એવું શક્તિસભર આંદોલન અનુભવવું કે જે ક્ષણિક ઇચ્છા, પ્રાણના ઉછાળા કે આવેગ, અથવા મનની ભ્રમણાભરી સ્વતંત્ર ઇચ્છાશક્તિથી સંચાલિત નહિ પણ પ્રકાશ–પ્રેરિત હોય તથા અમર આત્માનંદ અને અનંત આત્મજ્ઞાન વડે આગળ વધતું હોય.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૧૬)

*

**યજ્ઞનું રહસ્ય**

યજ્ઞનું રહસ્ય આત્મ-બલિદાન નથી પણ જાતની ભેટ છે; તેનો હેતુ જાતનું વિસર્જન નહિ પણ જાતની કૃતાર્થતા છે. તેની પદ્ધતિ જાતને જીવન વિનાની કરવાની નહિ પણ જીવનથી સમૃદ્ધ કરવાની છે; પ્રાકૃત ભાગોને અપંગ કરવાની નહિ પણ દિવ્ય અંગોમાં તેનું રૂપાંતર કરવાની છે; જાત પર જુલમ નહિ પણ તેનો આછા સંતોષમાંથી વિશાળ આનંદમાં લઈ જવાની છે. આપણી ઉપરછલ્લી પ્રકૃતિના અણઘડ અને અસ્વચ્છ ભાગોને જેનાથી દુઃખ થાય એવી માત્ર એક જ બાબત છે; એ છે એક અનિવાર્ય નિયંત્રણા, શિસ્ત, અધૂરા અહમ્‌ના વિસર્જન માટેનો જરૂરી આગ્રહ; પણ, એ દુઃખનો બદલો બહુ જલદી અને બહુ મોટો મળે છે; એ દુઃખના બદલામાં આપણને મળે છે આપણી સાચી અને વિશાળ જાત, આપણી

જાતની બીજાઓમાં–અને વસ્તુમાત્રમાં–વિશ્વ જેટલી વિશાળ એકતા, વિશ્વથી પણ પર એવા આત્મતત્ત્વની મુક્તિ, અને ભગવાનના સ્પર્શનો અલૌકિક આનંદ. આપણા યજ્ઞનો હમેશાં સ્વીકાર થાય છે જ અને તેનો બદલો પણ મળે જ છે; એક બાજુએ આપણો દેહધારી પુરુષ અને સચેતન પ્રકૃતિ અને બીજી બાજુએ સનાતન પુરુષોત્તમ એ બેની વચ્ચે થતી આપલે એ જ છે આપણો યજ્ઞ. આપણે કાંઈ જ માગણી નથી કરતા અને છતાં પણ આપણા અંતરમાં એક સહજ જ્ઞાન પડેલું જ હોય છે કે એક અલૌકિક ભેટ મળવાની જ છે. આપણા આત્માને ખાતરી હોય છે કે પરમાત્માને ધરેલી ભેટ કદી પણ નિષ્ફળ નથી જતી; એ કાંઈ જ માગતો નથી, પણ વગર માગ્યે મેળવે છે ભગવાનની શક્તિ અને સન્નિધિ.

છેલ્લો સવાલ છે, યજ્ઞ કોને માટે કરવો અને કેવી રીતે કરવો ? યજ્ઞનો બલિ ગમે તેને ધરી શકાય, દેવદેવીઓને, પરમાત્માને, કે પરાત્પર પુરુષને; અને બલિ તરીકે ગમે તે ધરી શકાય, પત્ર કે પુષ્પની, જલ, અક્ષત કે અન્નની અંજલિ ધરી શકાય, કે આપણી પાસે જે કાંઈ હોય તે બધું ય અર્પણ કરી શકાય અને આપણી આખી ય જાત પણ સમર્પણ કરી શકાય. ગમે તેને આહુતિ આપો, ગમે તે આહુતિ આપો તે સર્વે પહોંચે છે પરમ પ્રભુને, ચરાચરમાં વસતા સનાતન બ્રહ્મને; જેને આહુતિ આપી હોય તે ભલે તેનો અસ્વીકાર કરે કે અવગણે પણ પરમ પ્રભુ તો તેનો સ્વીકાર કરે જ છે. કારણ કે એ પરમ પ્રભુ ભલે વિશ્વથી પણ પર હોય છતાં તે અહીં, ગમે તેવા ગાઢ પડદાની ઓથે હોય છતાં અહીં આપણી અંદર, આ વિશ્વની અંદર અને વિશ્વની દરેક ઘટનાની અંદર આવી વસેલો છે; એ અહીં આપણાં દરેકેદરેક કર્મને જાણનાર અને જોનાર તરીકે, તેનો સ્વીકાર કરનાર તરીકે અને તેના ગુપ્ત માલિકરૂપે હાજરાહજૂર છે. આપણાં દરેકેદરેક કાર્યને, યત્નને, અરે, આપણાં પાપ અને પતનને, આપણી યાતનાઓ અને સંગ્રામોને, અજ્ઞાનમાં કે સજ્ઞાનમાં દોરનારો એ જ એક છે, – ભલે તેને જાણીએ કે ના જાણીએ અને ભલે એ દેખાય કે અંચળો ઓઢે. એ સર્વવ્યાપીનાં અનંત સ્વરૂપો છે; ગમે તે સ્વરૂપને આહુતિ આપો, પહોંચે છે એકમાત્ર એને જ. એને જે રીતે કે જે ભાવનાથી આહુતિ આપો એ જ રીતે અને એ જ ભાવનાથી એ એનો સ્વીકાર કરે છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૨૫થી ૧૨૬)

*

## આપણું સમગ્ર જીવન સભાન યજ્ઞ બની રહો

ટૂંકામાં, આપણી પાસે એટલી જ માગણી કરવામાં આવે છે કે આપણે આપણા આખા જ જીવનને એક સભાન યજ્ઞ બનાવી દઈએ. આપણા જીવનની દરેક પળ, – હા, દરેકે દરેક પળ –, સનાતન પ્રભુને સતત અને ભક્તિભાવથી આત્મ-સમર્પણ કરવામાં વિતાવવાની છે. આપણાં બધાં જ કર્મો –, મોટામાં મોટાં, અસાધારણ અને ઉત્તમ કર્મો તો ખરાં જ પણ નાનામાં નાનાં, તદ્દન સામાન્ય અને ક્ષુલ્લક કર્મો પણ – સમર્પિત કર્મો તરીકે જ કરવાનાં છે. આપણે ફાળે આવેલ પ્રકૃતિની આંતરિક અને બાહ્ય સર્વ ગતિઓને સમર્પણ–ભાવમાં ધારણ

કરીને જીવવાનું છે : અને આપણાથી પર, આપણા અહમ્‌ના કરતાં તો ઘણું ઘણું મહાન, જે ''કાંઈક'' છે તેને માટેનો સમર્પણ-ભાવ જાગ્રત કરવાનો છે. ગમે તે ભેટ કરીએ, ગમે તેને ભેટ ધરીએ પણ એમ કરવામાં આપણને ભાન હોવું જોઈએ કે આપણે સર્વ કોઈમાં વિરાજતા એ એકમાત્ર દિવ્ય પુરુષને જ એ અર્પણ કરી રહ્યાં છીએ. આપણાં સામાન્યમાં સામાન્ય અને પૂરેપૂરાં ભૌતિક અને સ્થૂળ કર્મો પણ આ ઉચ્ચ પ્રકારે થવાં જોઈએ : જ્યારે આપણે જમીએ ત્યારે આપણને ભાન હોવું જોઈએ કે આપણે આપણી અંદર રહેલ પ્રભુને અન્ન આપી રહ્યા છીએ; મંદિરમાં પવિત્ર ભેટ ધરી રહ્યાં છીએ. અને આપણી માત્ર શારીરિક જરૂરિયાત પૂરી પાડીએ છીએ કે જાતનું સંવર્ધન કરી રહ્યાં છીએ એ ભાન ચાલ્યું જવું જોઈએ. આપણે કોઈક મહામહેનતનું કામ, કોઈક કડક કાર્ય, સાધના કે કોઈક મુશ્કેલીવાળું કે ઊંચી જાતનું સાહસ હાથ ધરીએ તે ભલે માત્ર આપણી જાત, અન્ય લોકો માટે હોય કે આખી જ માનવજાતિ માટે હોય છતાં પણ એ કામમાં આપણી જાત, અન્ય લોકો કે માનવજાતિ આગળ અટકી પડવું એ તો પછી આપણે માટે શક્ય જ ના રહેવું જોઈએ. આપણે જે કાંઈ કરીએ તે એક શ્રમયજ્ઞ થઈ જવો જોઈએ પણ એ યજ્ઞ લોકો માટે નહિ પણ લોકો દ્વારા, કે સીધેસીધો જ, એકમાત્ર ભગવાનને માટે જ કરવો જોઈએ; એ સર્વમાં રહેતો અને એ સર્વેએ સંતાડી રાખેલો એ ભગવાન હવે આપણે માટે છૂપો ના રહેવો જોઈએ પણ આપણા આત્મા સમક્ષ, આપણી બુદ્ધિ સમક્ષ, અરે, આપણી ઇન્દ્રિયો સમક્ષ એ સતત પ્રત્યક્ષ થવો જોઈએ. આપણાં કર્મોનું સંચાલન અને પરિણામ એ એકમાત્ર ભગવાનના હાથમાં મૂકી દેવું પડશે અને તે પણ એ સૂક્ષ્મ અનુભવથી કે આપણે જે કાંઈ અભીપ્સાઓ સેવી શકીએ છીએ કે શ્રમ-કાર્ય કરી શકીએ છીએ એ એ જ માત્ર હાજરાહજૂર, અનંત અને ઊર્ધ્વતમ ભગવાનને લીધે જ થાય છે. કારણ કે જે કાંઈ બને છે તે તેના જ સ્વરૂપમાં બની રહ્યું છે, કારણ કે આપણી અંદરથી અભીપ્સા અને શ્રમને બહાર લાવીને પ્રકૃતિ તેમને તેની જ વેદી પર ભેટ ધરી રહી છે. જ્યારે, બહુ જ સ્પષ્ટ રીતે, પ્રકૃતિ પોતે જ કાર્ય કરી રહી હોય અને આપણે તો માત્ર તેના સાક્ષી અને તેને આપણી અંદર ધારણ કરનારા અને તેને આધાર આપનારા હોઈએ ત્યારે પણ આપણને એ જ પરમ પ્રભુ અને તેના જ એ કાર્યની સતત યાદ અને મક્કમ ભાન રહેવાં જોઈએ. ખુદ આપણા શ્વાસોચ્છ્‌વાસ અને આપણા હૃદયના ધબકારા એ પણ સમગ્ર વિશ્વમાં ચાલી રહેલ યજ્ઞના જ જીવંત તાલ છે એવું ભાન આપણને થઈ શકે. અને થવું જ જોઈએ.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૨૫થી ૧૨૬)

*

## સતત આંતરિક સમર્પણ

આ યોગમાં આપણે આપણા અંતરમાં સતત સ્મરણ રાખવું પડે છે (અને એ જ્ઞાનને જો આપણે આપણાં કર્મો દ્વારા સતત વ્યક્ત કરતા જઈએ તો તેથી એ સ્મરણને દૃઢ કરવામાં આપણને સહાય પણ થાય છે.) સર્વમાં એક જ પરમાત્મા છે અને એક જ પ્રભુ સર્વસ્વ છે :

સર્વે પ્રભુમાં છે અને સર્વે પ્રભુ જ છે અને વિશ્વમાં પ્રભુ સિવાય બીજું કાંઈ નથી : આ ભાવના એ જ કર્મયોગના સાધકની ચેતનાનું સમગ્ર દ્રવ્ય ના બની રહે ત્યાં સુધી તેને એક માન્યતા તરીકે કે એક શ્રદ્ધા તરીકે તેણે સતત સ્મરણમાં રાખવી પડે છે. આવું સ્મરણ અને આવું, આપ મેળે જ આગળ વધ્યે જતું ધ્યાન છેવટે તો એ જ પ્રભુનું એક વણઅટક્યું અને ગહન દર્શન તથા એની જ એક સુસ્પષ્ટ અને વિશાળ ચેતના થઈ જવી જોઈએ (અને થઈ જ જાય છે) – એ જ પ્રભુનું દર્શન અને ચેતના કે જેનું આપણે આવું તો સતત ધ્યાન ધરી રહ્યાં હોઈએ છીએ. કારણ કે એ સ્મરણ અને ધ્યાનના પરિણામે આપણે હર ઘડી યાદ કરતાં હોઈએ છીએ આપણી સમગ્ર જાત, સંકલ્પ અને કર્મોનાં એ આદિમૂળને. અને આ સર્વ નાનાવિધ ઘાટ અને ઘટનામાં વ્યાપી જઈને અને તેમને વટાવી જઈને આપણે એ સર્વના કારણરૂપને અને ધારણ કરનારને પોતાને જ પહોંચી જઈએ છીએ. આપણે જે કાંઈ જોઈએ અને સાંભળીએ, જેનો સ્પર્શ કરીએ જે કાંઈ અનુભવીએ એ સર્વે, આપણે જેની સેવા–પૂજા કરીએ છીએ એના–મય જ લાગવું જોઈએ, એ બધું જ પ્રભુનું સ્વરૂપ બની જવું જોઈએ, પ્રભુના જ નિવાસ–રૂપ અને એ સનાતન વિશ્વવ્યાપી પ્રભુમાં જ સમાઈ ગએલું દેખાવું જોઈએ. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૨૯)

*

## અહંકારના સર્વ આંતરિક આધારોનો ત્યાગ કરવો

છેલ્લી બાબત. યજ્ઞના આ યોગમાર્ગમાં, અહંકારે ઊભા કરેલા સર્વ આધારોને છોડવા જ પડે છે; આપણાં મન, સંકલ્પ અને કર્મોમાંથી તેમને ફેંકી જ દેવા પડે છે; અરે, તેનું બીજ તેની સૂક્ષ્મ હાજરી, કે તેની હળવી અસરને પણ આપણી પ્રકૃતિમાંથી દૂર કરવી જ પડે છે. સર્વ કાંઈ પ્રભુને જ ખાતર કરવું પડે છે; સર્વ કાંઈ પ્રભુને અનુલક્ષીને જ કરવું પડે છે. આપણી જાતને અલગ ગણીને તેને ખાતર કાંઈક કરવાનો વિચાર સરખો પણ કરવાનો નથી; બીજાઓને ખાતર પછી,–ભલેને તે પડોશી હો, મિત્ર હો, કુટુંબ હો, દેશ હો, કે સમગ્ર માનવજાતિ હો, કે પ્રાણીમાત્ર હો તોપણ તેમને આપણા અંગત જીવન, સિદ્ધાંત કે લાગણીઓ સાથે સંબંધ છે એટલા ખાતર જ, અથવા તો તેમના કલ્યાણમાં આપણો અહમ્ ખાસ રસ લે છે એટલા ખાતર જ કાંઈ કરવાનું નથી. આ રીતે જોવાથી અને આમ કરવાથી આપણાં બધાં જ કર્મો અને આપણું જીવન બની જાય છે પ્રભુના વિશાળ વિશ્વમય સ્વરૂપરૂપી આ અમર્યાદિત મંદિરમાં એ પ્રભુની પોતાની સતત અને જીવંત સેવા અને પૂજા. એથી ધીમે ધીમે જીવન પોતે જ એક યજ્ઞ બનતો જાય છે, એ યજ્ઞ છે વ્યક્તિમાં વસતા સનાતન પ્રભુનો પોતાનો; એ યજ્ઞ સતત અર્પણ કરવામાં આવે છે એ જ સનાતન પ્રભુના પરાત્પર સ્વરૂપને. એ યજ્ઞની ભૂમિ અને વેદી છે પરમાત્માનું સનાતન વિશ્વ અને એ યજ્ઞ કરનાર શક્તિ છે, સનાતન શક્તિ પોતે, હાજરાહજૂર.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૩૦)

*

## સર્વ પ્રવૃત્તિઓમાં યોગનું ધ્યેય

કારણ કે બધું જ એક યજ્ઞરૂપે કરવાનું છે; પ્રવૃત્તિ માત્રનો એકમાત્ર હેતુ અને તેના અર્થનું એકમાત્ર રહસ્ય હોવું જોઈએ, એ જ, એકમાત્ર ભગવાન. યોગી જ્ઞાનદાયક શાસ્ત્રોનો અભ્યાસ કરશે દિવ્ય ચેતના–શક્તિની લીલા માણસમાં, જીવજંતુઓમાં, વસ્તુઓમાં અને શક્તિઓમાં શોધી કાઢવા; તેનાં સર્જનનો અર્થ, તેનાં રહસ્યોની ગતિ જાણવા; તેના લીલા–વિસ્તારમાં તે જે પ્રતીકો ગોઠવે છે તેને પકડી પાડવા. યોગી કર્મ પ્રધાન શાસ્ત્રો, માનસિક અને ભૌતિક, કે ગૂઢ અને ચૈત્યસિક–હાથ ધરશે તે ભગવાનનાં કાર્યો અને કાર્યપ્રવાહોમાં દાખલ થવા, આપણને સોંપાએલાં કાર્ય માટે જરૂરી વસ્તુઓ અને સાધનો જાણવા અને જાણીને આત્માનાં પ્રભુત્વ, આનંદ અને સાર્થકતાને સચેતન અને સર્વાંગ સુંદર રીતે વ્યક્ત કરવાં. યોગી કળાઓનો આશરો લેશે તે માત્ર રસદૃષ્ટિ મન કે પ્રાણને પોષવા નહિ પણ ભગવાનને સર્વત્ર જોઈને, તેની કૃતિઓના અર્થ શોધી તેની દ્વારા તેની પૂજા કરીને એ જ એક પરમ પ્રભુને, દેવો અને માનવો અને પશુઓ અને પદાર્થોમાં અભિવ્યક્ત કરવા.

યોગી અને સામાન્ય માણસમાં ફેર એટલો કે યોગી સામાન્ય માણસના કરતાં વધારે વિશાળ એવી આધ્યાત્મિક ચેતનામાં રહી જીવે છે; તેથી, તેનાં સર્વ કર્મો – જ્ઞાનનાં કે સર્જનનાં–, ત્યાંથી જ થવાં જોઈએ – મનમાંથી નહિ, કારણ કે તેણે તો મનપ્રધાન માણસના કરતાં વધારે મહાન સત્યો અને દર્શનો વ્યક્ત કરવાનાં છે (અથવા તો, તેઓ જ તેની દ્વારા વ્યક્ત થવા જોરદાર માગણી કરી રહ્યાં છે), અને પોતાના અંગત સંતોષને ખાતર નહિ પણ એક દિવ્ય હેતુને બર લાવવા માટે તે કાર્યોને આકાર આપવાનો છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૬૪-૬૫)

*

## ચૈત્યપુરુષનું જાગ્રત થવું

યોગમાં આગળ વધતાં જ્યારે મન ઠીક ઠીક શાંતિ પકડે અને ડગલે ને પગલે, પોતાની માન સિક ખાતરીઓના જોરે પોતાનો બચાવ કરવાનું છોડી દે, જ્યારે પણ સુસ્થિર અને સંયમિત બને અને પોતાના ઉધમાતિયા સંકલ્પો, માગણીઓ અને ઇચ્છાઓ માટેનો સતત આગ્રહ કરવાનું છોડી દે, અને જ્યારે દેહ પોતાની બહિર્મુખતા, અંધતા કે જડતા નીચે અંતરની જ્યોતને પૂરેપૂરી ગૂંગળાવી ન દેવાનું ઠીક ઠીક પ્રમાણમાં શીખી જાય ત્યારે અંતરમાં છુપાઈ બેઠેલી અને જ્વલ્લે જ પોતાના કોઈક સ્પંદન દ્વારા અનુભવાતી એક ગૂઢતમ સતૂતા બહાર આવવા, સર્વ ભાગોને આલોકિત કરવા અને સાધનાની લગામ હાથમાં લેવા શક્તિમાન થાય છે. એની ખાસિયત એ છે કે ભગવાનને, પરમ પ્રભુને ધ્રુવતારક બનાવી એકમાત્ર તેના તરફ બધી જ એકાગ્રતા કરે છે; આ હોય છે તો એકાગ્રતા છતાં કાર્યમાં અને આગળ વધવામાં રહે છે બિલકુલ સાનુકૂળ; તે, એકમાર્ગી બુદ્ધિની માફક, કે રાજરૂઆબી અને ધર્માંધ સિદ્ધાંતની માફક કે એક જ રસ્તે ધક્કો મારતી પ્રાણશક્તિની માફક જડ રીતે દિશા પકડતી નથી. તે ક્ષણે ક્ષણે, અને એક જાતની

મુલાયમ મક્કમતાથી આપણને પરમ સત્યનો માર્ગ દેખાડે છે, તદ્દન સહજ રીતે સાચાં અને ખોટાં પગલાં વચ્ચેનો ભેદ દેખાડે છે. આપણને ચોંટેલા અદિવ્ય ગૂંચવાડામાંથી દિવ્ય અને પ્રભુપ્રતિની ગતિને અલગ દેખાડી આપે છે. એનાં કર્મો એક 'સર્ચલાઈટ' જેવાં હોય છે, – પ્રકૃતિમાં જે કાંઈ બદલી નાખવા જેવું છે તે બધું જ દેખાડી આપે છે; તેનામાં એક જ્યોતિર્મય સંકલ્પ છે, – તે પરિપૂર્ણતા માટે અને આપણી આંતર–બાહ્ય જાતના એક રાસાયણિક રૂપાંતર માટે દબાણ કર્યા જ કરે છે. તે સર્વ દિવ્યતાનાં દર્શન કરે છે, તો એની સાથે સાથે, દિવ્યતાનાં માત્ર મહોરાં અને તેને છુપાવતા આભાસોનો ઇન્કાર કરે છે. તે પરમ સત્યનો, સંકલ્પ, શક્તિ અને પ્રભુત્વનો, પરમા આનંદનો, પરમ પ્રેમનો, પરમ સૌંદર્યનો આગ્રહ કરે છે; પણ સત્ય એટલે જ્ઞાનના નિવાસ-રૂપ સત્ય, અજ્ઞાનના વ્યવહારુ અને ક્ષણિક સત્યથી ઉપરનું સત્ય; આનંદ એટલે એક આંતરિક આનંદ, માત્ર પ્રાણની મઝાઓ નહિ (કારણ કે એ અધોગામી સુખોના કરતાં તો વિશુદ્ધિકારક યાતના અને દુઃખોને એ વધારે પસંદ કરે છે); પ્રેમ, પણ ઊર્ધ્વગામી પ્રેમ, સ્વાર્થી કામનાઓનાં બંધનવાળો કે કાદવમાં ખૂંપેલો પ્રેમ નહિ; સૌંદર્ય, પણ સનાતન સ્વામીના પૂજારી-પદે પહોંચેલું સૌંદર્ય; શક્તિ, સંકલ્પ અને પ્રભુત્વ પણ પરમ-આત્માનાં કરણરૂપ, – અહમ્‌નાં નહિ. તેનો સંકલ્પ છે જીવનને દિવ્ય બનાવવાનો, તેની દ્વારા ઊર્ધ્વ સત્યને વ્યક્ત કરવાનો, તેને પરમ પ્રભુનાં, સનાતન સ્વામીનાં ચરણોમાં સમર્પિત કરવાનો.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૭૯-૮૨)

*

## ચૈત્યપુરુષનું અંતરંગ લક્ષણ

ચૈત્યપુરુષની ખરેખરી વિશિષ્ટતા તો છે એક પવિત્ર પ્રેમ, આનંદ અને તદ્રૂપતા દ્વારા પ્રભુપથનો આગ્રહ. તેની મોટામાં મોટી ઝંખના છે પ્રભુનો પરમ પ્રેમ, પ્રભુ પ્રત્યેનો પ્રેમ એ જ છે એના વેગનું કારણ, એ જ છે એનું ધ્યેય; આપણી અંદર જાગતા જતા દેવની પ્રકાશોજ્જવલ ગુફા પરનો કે નવ–જાત દેવ–શિશુના હજી અંધાર–ઢાંક્યા પારણા પરનો એનો સત્ય–તારક. એના બાલ્યકાળ જેવા અને વિકાસ માટેના, પહેલા અને લાંબા ગાળામાં એણે દુન્યવી પ્રેમ, વહાલ, કુમળા ભાવ, શુભેચ્છા, કરુણા અને કલ્યાણ-વાંછનાનો, સર્વે સૌંદર્ય અને મધુરતા અને લાલિત્યનો, અને પ્રકાશ અને શક્તિ અને હિંમતનો, અને જે કાંઈ માનવપ્રકૃતિની કુરૂપતા અને લઘુતાને સુઘડ અને શુદ્ધ કરવામાં મદદરૂપ થઈ શકે તેવું હોય તે બધાંયનો એક ચાલણ–ગાડી તરીકે સ્વીકાર કરેલો છે. પણ તે બરાબર જાણે છે કે આ બધા માનવીય વ્યાપારો, ઊંચામાં ઊંચા સ્તર પર હોય તોપણ કેવા અહમ્‌ના ઓછાયામાં, પોતાની જાતને જ છેતરતા લાગણીવશ જૂઠાણામાં અને અંતરાત્માના જેવા બનાવટી વ્યાપારો કરી તેનો લાભ ઉઠાવતી નિમ્ન જાતમાં ભળી ગએલા હોય છે. અને જો નીચામાં નીચા સ્તર પર હોય તો કેવા એ બધાંથી પતિત થએલા અને તેમની જ મહોરવાળા હોય છે. આ બધાંમાંથી એકીસપાટે બહાર આવીને, બધાં જ જૂનાં બંધનો અને અપૂર્ણ, ઊર્મિપ્રધાન વ્યાપારોને તોડી પાડવાને અને પ્રેમ

અને એકરૂપતાના મહાન આધ્યાત્મિક સત્યને તેમની જગાએ મૂકી આપવા માટે એ તૈયાર હોય છે, – અને ઉત્સુક પણ. અને છતાં ય તે આ માનવીય રીતો અને વ્યાપારોનો સ્વીકાર કરે છે, પણ તે એ શરતે કે એ બધાં ય એકમાત્ર ''એક''ની તરફ વળતાં હોય. મદદરૂપ થતાં હોય તેવાં, આવાં જ બંધનો તે સ્વીકારે છે : પરમ ગુરુ પ્રત્યેનો હૃદયનો પૂજ્ય ભાવ, પ્રભુ–પ્રેમીઓનું મિલન, અજ્ઞાનભરી માનવીય અને પાશવી દુનિયા અને તેના લોકો માટે આધ્યાત્મિક કરુણા, પ્રભુનાં સર્વત્ર દર્શનમાં જે સૌંદર્ય અનુભવાય તેથી મળતો આનંદ, સુખ અને સંતોષ. હૃદયના ગુપ્ત કેન્દ્રમાં વસતા અંતર્યામી પ્રભુના મિલન તરફ તે આપણી પ્રકૃતિને ડૂબકી મરાવે છે અને જ્યારે એ એલાન હોય છે ત્યારે અંદર બેઠેલા માલિકની મોહિની માટેની પવિત્ર ઝંખના અને અનુસરણમાંથી તેને છેતરવાની કે આડે રસ્તે દોરવાની કોઈની તાકાત નથી : નહિ અહંકારમાંથી આવતી કોઈ ટીકા કે નિંદાની કે નહિ પરોપકાર કે ફરજ કે જગકલ્યાણ કે સમાજસેવા માટેના બહારથી આવતા કોઈ સાદની. તે એક પરાત્પર પરમસુખ પ્રત્યે જાતને ઉઠાવે છે અને ઊંચામાં ઊંચે બિરાજતા એ ''એક''ના મિલન માટેના ઉડ્ડયનને ખાતર, પોતાની પાંખ પરના બધા જ પાર્થિવ બોજને ફેંકી દેવા તૈયાર હોય છે; પણ બીજી બાજુએ, વેર-ઝેર, ઝગડા, ભાગલા, અંધકાર અને વિગ્રહભર્યા અજ્ઞાનવાળી દુનિયાને મુક્ત કરવા માટે અને તેનું રૂપાંતર કરવા માટે, તે પરાત્પર પ્રેમ અને પરમ–આનંદને, નીચે ઊતરવાનો, સાદ પણ કરે છે. તે એક વિશ્વવ્યાપી દિવ્ય પ્રેમ તરફ, સર્વજનના કલ્યાણ માટેની એક વિશાળ કરુણા, એક તીવ્ર અને જબ્બર સંકલ્પ તરફ પોતાની જાતને ખુલ્લી કરે છે; તે એટલા માટે કે, વિશ્વવ્યાપી અજ્ઞાનમાંથી દુનિયાનો ઉદ્ધાર કરવા માટે જે દિવ્ય પ્રેમાવેશે આ અંધકારભરી રાત્રિમાં ડૂબકી મારેલી છે તેને, એ પ્રેમાવેશને પોતાનાં બાળકોને ખાતર ભેગો કરતી અને તેમને વીંટાળતી આ પૃથ્વીમાતાનું પોતાને ગાઢ આલિંગન મળે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૮૦-૮૨)

*

## સર્વ પ્રેમ, જે આરાધના છે તેની પાછળ આધ્યાત્મિક શક્તિ હોય છે

ઉપાસનારૂપે થતા પ્રત્યેક પ્રેમની પાછળ આધ્યાત્મિક શક્તિ હોય છે જ; એ ઉપાસના ભલે સચેતન રીતે ના થતી હોય અને બહુ જ નાના પાત્રને થતી હોય છતાં તેની દરિદ્ર વિધિઓ અને નાની નાની ક્રિયાઓ દ્વારા પણ એ જ ભવ્યતા વ્યક્ત થતી હોય છે. કારણ કે પૂજારૂપે થતો પ્રેમ એ અભીપ્સા પણ હોય છે અને પૂર્વ–તૈયારી પણ હોય છે; તેની અજ્ઞાની, સાંકડી મર્યાદાઓમાં પણ એક અદ્ભુત સાક્ષાત્કારની ઝલક ઝબકતી હોય છે. – ભલે ને એ ઝલક હજી વધારે ઓછી તમોમય અને સાંકડી હોય; કારણ કે એ વખતે આપણી અંદર પ્રેમી અને પ્રેમ-પાત્ર તરીકે એ જ ''એ'' હોય છે, – આપણે નહિ; અને આ પરમ પ્રેમ અને પ્રેમીની એક નાની સરખી પણ ઝલક વડે તો એક માનવીય અનુરાગ પણ ઊંચે ચડીને ભવ્ય બની જઈ શકે છે. એટલા જ માટે દેવ–પૂજાનો, મૂર્તિ, ગુરુજન કે આદર્શ પુરુષની પૂજાનો, તિરસ્કાર ના કરાય; કારણકે આ બધાં તો અનંત પ્રભુના આનંદોલ્લાસ અને પરમાનંદ તરફ માનવજાતને

દોરી જતાં પગથિયાં છે; એ પગથિયાં અનંત પ્રભુને મર્યાદિત કરે છે એ સાચું છતાં, પ્રકૃતિએ આપણે માટે તૈયાર કરેલ રસ્તે આગળ વધવા જતાં, એ જ બધાં, અનંત પ્રભુનાં પ્રતિનિધિ બને છે અને આપણી ઊર્ધ્વ યાત્રાના મજલાઓ ખોલી આપે છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૧૮૪)

*

## શુભ અને અશુભથી પર

જો આપણને આધ્યાત્મિક સ્વતંત્રતા જોઈતી હોય, એટલે કે પરમ સત્ય સિવાય બીજા શેનું ય બંધન સ્વીકારવા માગતા ના હોઈએ તો આપણે એ ખ્યાલ તો છોડી જ દેવો પડે કે આપણા માનસિક કે નૈતિક નિયમો અનંત-પ્રભુને પણ બંધનકર્તા છે અથવા તો આપણાં હાલનાં સર્વોચ્ચ નૈતિક ધારણોમાં કાંઈક અનુલ્લંઘનીય, નિરપેક્ષ કે સનાતન વસ્તુ છે જ. જરૂર જણાય ત્યાં સુધી, વધારે ને વધારે ઊંચાં અને તાત્કાલિક ધોરણો રચતાં જવાં એ, જરૂર પૃથ્વી પર વિકાસ પામતા પ્રભુની સેવા છે, પણ કોઈ કાયમી ધોરણને પાકે પાયે જડી દેવું એ આગળ વધી રહેલી સનાતન નદીના પ્રવાહમાં આડ બાંધવાના પ્રયત્ન જેવું છે. પ્રકૃતિનાં બંધનમાં પડેલા આત્માને એક વાર આ સત્ય મળી જાય એટલે એ શુભ-અશુભનાં દ્વૈતમાંથી મુક્ત બને છે. કારણ કે શુભ એટલે તો દિવ્ય પૂર્ણતા પ્રત્યે આગળ વધવામાં વ્યક્તિ અને દુનિયાને જે કાંઈ સહાયરૂપ થાય તે; અને એ વિકસતી પૂર્ણતાને જે કાંઈ રોકે કે તોડે તે અશુભ; પણ પૂર્ણતા તો કાળના પ્રવાહમાં વિકસ્યે જતી વિકાસવાદી વસ્તુ છે. તેથી શુભ અને અશુભ પણ પોતાનાં પ્રમાણ બદલ્યા કરે છે, જમાને જમાને પોતાનો અર્થ અને ઝોક બદલ્યા કરે છે. જે વસ્તુ આજે અશુભ, અને આજનાં સ્વરૂપે વર્જ્ય છે તે એક કાળે વ્યક્તિ અને સમાજને માટે સહાયરૂપ અને જરૂરી હતી. વળી બીજી કોઈ બાબત આજે આપણને અશુભ લાગતી હોય તે કોઈક નવા સ્વરૂપે અને નવી વ્યવસ્થામાં ભાવિ પૂર્ણતાનો ભાગ પણ બની જાય. અને આધ્યાત્મિક કક્ષાએ તો આપણે આ ભેદને પોતાને જ વટાવી જઈએ છીએ, કારણ કે શુભ અને અશુભ કહેવાની આ બાબતોનો હેતુ અને દિવ્યતામાં તેમનો ઉપયોગ, આપણને ત્યાં જાણવા મળે છે. ત્યારે એ બધામાં રહેલ અ–સત્યને આપણે છોડવું જ પડે છે–અશુભમાં રહેલ વિકૃત, અજ્ઞાનભરી અને અંધ બાબતો તો ખરી જ પણ શુભમાં રહેલી ય.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૨૧-૨૨)

*

## પૂર્ણ અતિમાનસિક કાર્ય

અણિશુદ્ધ અતિમાનસિક કાર્ય કોઈ એક જ સિદ્ધાંત કે મર્યાદિત નિયમને નહિ અનુસરે. કોઈ વ્યક્તિગત અહમ્-વાદી અથવા કોઈ સંયોજિત સમૂહમાનસ એ બેમાંથી કોઈ પણ એકે નક્કી કરેલું ધોરણ એ સ્વીકારે એવો સંભવ નથી. એ ન તો દુનિયાદારીના કોઈ વ્યવહારુ માણસની, કે નહિ કોઈ સિદ્ધાંત-પ્રિય નીતિ-વાદીની, કે કોઈ દેશભક્તની, કે કોઈ લાગણી-

વશ માનવપ્રેમીની કે કોઈ આદર્શ-નિરૂપક તત્ત્વચિંતકની માગણીઓનો સો ટકા સ્વીકાર કરશે. બૌદ્ધિક તર્ક-શક્તિ કે નૈતિક સંકલ્પ-શક્તિ જે કાંઈ સિદ્ધ કરી શકે તેમ છે તે તો છે નિશ્ચિત, માપબંધ, ધોરણબદ્ધ કાર્ય; એને અનુસરીને નહિ પણ એક પ્રકાશપૂર્ણ અને ઊર્ધ્વસ્થિત જાત, સંકલ્પ અને જ્ઞાનની સમગ્રતારૂપ શિખરમાંથી સહજ વહી આવતાં વહેણરૂપે એ આગળ વધશે. તેનું એકમાત્ર ધ્યેય રહેશે આપણી અંદર રહેલ પ્રભુની અભિવ્યક્તિ અને જે પરમ-આવિર્ભાવ થવાનો છે તે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૬૯)

*

## શરૂઆતના આવેગનું કાર્યમાં રૂપાંતર

કર્મયોગનો સાચા દિલથી સ્વીકાર કરનાર દરેક જણે જરૂરિયાત અને ઇચ્છાઓનાં ધોરણે કર્મો કરવાની ભૂમિકાને વટાવવી જ પડે. કારણ કે, જો તે યોગનાં ઉચ્ચ ધ્યેયનો સ્વીકાર કરતો હોય તો પોતાને સતાવતી દરેક ઇચ્છાને અળગી કરીને તેણે અંતરમાં બેઠેલ સનાતન સ્વામીના હાથમાં તે સોંપી દેવી જ જોઈએ. સર્વોપરી શક્તિ તેને હાથમાં લઈને સાધકનાં, તેમ જ સર્વ કોઈનાં, હિતને ખાતર તેનું ઘટતું કરશે. આપણને જણાશે કે એકવાર આ જાતનું સમર્પણ સ્વીકાર્યું (શરત એટલી કે એ ઇચ્છાને સાચા દિલથી અળગી કરવી જોઈએ) એટલે, તેનાં પરિણામે, પડેલા સ્વભાવને કારણે કેટલોક વખત સુધી ભલે એ ઇચ્છાના અહમ્‌પ્રધાન ઉપભોગનું આવર્તન થયા કરે, પણ તેણે આજ સુધી પકડેલાં જોરને, એ આવર્તન પોતે જ ખાઈ જશે; અને ઇચ્છાઓના ઉપભોગને અંતે મળતી ગ્લાનિ તથા ક્ષોભને ઉચ્ચ શાંતિના પ્રશાંત ગાળા અને દિવ્ય આનંદની અદ્‌ભુત ક્ષણોની સરખામણીમાં એવાં તો કડવાં કરી એવાં તો અણગમતાં દેખાડશે કે જેથી સાધકની દેહધારી જાતના બહેરામાં બહેરા ભાગને, તેની નાડીમય, પ્રાણમય, ઊર્મિલ પ્રકૃતિને પણ પાઠ મળી જશે કે મુક્તિ ઝંખતા, કે પોતાની મૂળ દિવ્ય પ્રકૃતિની અભીપ્સા સેવતા આત્માને માટે અહમ્-પ્રધાન ઇચ્છાઓ એ કોઈ કાયદો નથી. પછીથી, તેમને સતત રીતે જાકારો દેતી, અને તેમનું રૂપાંતર કરતી એક આગ્રહશીલતા એના આવેગોમાં રહેલ ઇચ્છાનાં તત્ત્વને ફેંકી દેશે કે ખંતપૂર્વક અળગું કરી નાખશે. તે આવેગોમાં એક શુદ્ધ કર્મ-શક્તિ, ''પ્રવૃત્તિ'', રહેલી હોય છે; ઊર્ધ્વમાંથી પ્રેરાતાં, કે આજ્ઞારૂપે આવતાં, બધાં જ કર્મો અને તેનાં પરિણામોમાં એ એકસરખો આનંદ લેતી હોવાને લીધે સ્વીકાર્ય હોય છે. તેને સાચવી રાખવામાં આવે છે જેથી, તેમાંથી અંતિમ પરિપૂર્ણતા માટેની એક સુખપૂર્ણ સંવાદિતા સર્જાવી શકાય. કામ કરવું અને માણવું એ જ છે આપણી નાડીમય જાતનો સાચો ધર્મ અને અધિકાર. પણ પોતાનું કર્મ અને તેના ઉપભોગની, અહમ્-પ્રધાન ઇચ્છા વડે પસંદગી કરવી એ તો માત્ર તેનો અજ્ઞાનભર્યો સંકલ્પ હોય છે, અધિકાર નહિ. એકમાત્ર સર્વોપરી અને વિશ્વવ્યાપી સંકલ્પશક્તિ જ પસંદગી કરી શકે; કર્મોએ એ જ સંકલ્પશક્તિની સક્રિય ગતિમાં પલટાઈ જવું જોઈએ; ઉપભોગનું સ્થાન એક શુદ્ધ આધ્યાત્મિક આનંદની લીલાએ લેવું જોઈએ. બધી જ અંગત સંકલ્પશક્તિ એ કાં તો ઊર્ધ્વમાંથી આવતો કોઈ કામચલાઉ પ્રતિનિધિ હોય છે અથવા

તો અજ્ઞાની અસૂરોની એક ઘૂસણખોરી હોય છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૪૩-૪૪)

*

**પ્રભુ સંચાલિત કર્મ**

પણ એવી સર્વોચ્ચ એકરૂપતા સિદ્ધ થાય તે પહેલાં પણ એ સર્વોપરી સંકલ્પશક્તિમાંથી કાંઈક એક અફર પ્રેરકબળ તરીકે, એક પ્રભુ-સંચાલિત કર્મ તરીકે આપણી અંદર કામ કરતું થઈ શકે છે ત્યારે, આપણે એક સહજ, સ્વનિર્ણિત શક્તિ દ્વારા કર્મો કરી નાખીએ છીએ, પણ તેના અર્થ અને હેતુનું પુરું જ્ઞાન તો આપણને પછીથી થાય છે. અથવા કામ કરવાનો આવેગ આપણી અંદર એક પ્રેરણા કે સ્ફુરણા તરીકે આવે એમ પણ બને, પણ એ આવેગ આપણી બુદ્ધિના કરતાં વધારે તો આપણાં હૃદય અને શરીરને મળે છે; આમ થાય ત્યારે આપણને એક અસરકારક દૃષ્ટિ મળે છે ખરી પણ પૂરેપૂરું અને સ્પષ્ટ જ્ઞાન હજી બાકાત રહે છે અને મળે તો પણ પછીથી મળે છે. અથવા શું કરવાનું છે તેના એક એકાકી, પ્રકાશપૂર્ણ આદેશ તરીકે કે એક પૂર્ણ દશ્ય તરીકે, કે દશ્યના એક સતત પ્રવાહ તરીકે પણ દિવ્ય સંકલ્પ-શક્તિ આપણી પોતાની સંકલ્પ-શક્તિમાં કે આપણા વિચારમાં ઊતરે, અથવા તો ઊર્ધ્વમાંથી એક એવી સૂચના તરીકે ઊતરે કે જેને આપણાં અંગો સહજ રીતે જ પાર પાડે. જ્યાં સુધી યોગ પરિપૂર્ણ ના થયો હોય ત્યાં સુધી કેટલાંક કર્મો જ આ પ્રમાણે કરી શકાય, અથવા સળંગ કર્મધારા પણ એમ બની આવે ખરી પણ તે પરમ-હર્ષની કે પ્રકાશ-પૂર્ણ પળોમાં જ. યોગ જ્યારે પરિપૂર્ણ બને ત્યારે બધાં જ કર્મો આ પ્રકારનાં થાય છે. અલબત્ત, આપણે પ્રગતિના ત્રણ ગાળા તારવી શકીએ ખરા. પહેલા ગાળામાં આપણી અંગત સંકલ્પ-શક્તિ, એક સર્વોપરિ સંકલ્પ-શક્તિ દ્વારા કે આપણાથી પર એવી એક સચેતન શક્તિ દ્વારા અવારનવાર, કે ઘણી વાર, પ્રકાશિત થાય છે કે સંચાલિત થાય છે. બીજા ગાળામાં તેઓ તેનું સ્થાન લે છે; અને ત્રીજા ગાળામાં તે પેલાં દિવ્ય શક્તિ-કાર્યમાં એકરૂપ થઈ ભળી જાય છે. પહેલા ગાળામાં આપણે હજી નિયંત્રિત થતાં હોઈએ છીએ બુદ્ધિ, લાગણીઓ કે સંવેદનોથી, તેઓએ હજી પ્રભુની પ્રેરણા અને માર્ગદર્શનની શોધમાં રહેવું પડે છે, કે તેની રાહ જોવી પડે છે, અને તેઓને તે હમેશાં જડતાં કે મળી રહેતાં નથી. બીજા ગાળામાં માનવબુદ્ધિનું સ્થાન આધ્યાત્મિક બનેલું એક ઊર્ધ્વ, પ્રકાશમય કે સ્ફુરણાપ્રધાન મન, ધીમે ધીમે લેતું જાય છે, બાહ્ય માનવહૃદયનું સ્થાન આંતરિક, ચૈત્યસિક હૃદય, તથા ઇન્દ્રિયોનું સ્થાન વિશુદ્ધ અને સ્વાર્થવિહીન બનેલ એક પ્રાણશક્તિ લેતાં જાય છે. ત્રીજા ગાળામાં આપણે આધ્યાત્મિક બનેલ મનને પણ વટાવી જઈને અતિમાનસિક સ્તર પર પહોંચી જઈએ છીએ.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૫૩-૫૪)

*

**સમતા**

સમતા એ કોઈ નવું અજ્ઞાન કે અંધતા નથી; તે ન તો દૃષ્ટિને ધૂંધળી બનાવવાનું કે

ભેદમાત્રને ભૂંસી નાખવાનું કહે છે, ન તો તેમ કરે છે. ભેદભાવ છે; અભિવ્યક્તિની વિવિધતા ય છે અને આ વિવિધતાને આપણે બરાબર સ્વીકારીશું; પ્રેમ અને ધિક્કાર, સ્તુતિ અને નિંદા, સદ્ભાવ અને વૈરભાવ, પસંદગી અને ઘૃણાનાં પડળથી પક્ષપાતી અને ભ્રામક બનેલ દૃષ્ટિ વડે દેખાતું હતું તેના કરતાં વધારે સારી રીતે જોઈ શકીશું. પણ આ વિવિધતાની પાછળ, તેમાં વસતા અખંડ અને અક્ષર-પ્રભુને આપણે હમેશાં જોઈશું અને આપણાં માનવીય ધોરણોથી ભલે એ પરિપૂર્ણ અને સંવાદી લાગતું હોય કે અધૂરું અને બેસૂરું, કે ખુદ ખોટું અને ખરાબ, લાગતું હોય તોપણ દરેક અભિવ્યક્તિની પાછળ રહેલ સમજપૂર્વકની સાર્થકતા અને દિવ્ય અનિવાર્યતાને જોઈ અને જાણી શકીશું, અને જો કદાચ એ આપણાથી છુપાઈ રહે તોપણ તેમાં આપણે શ્રદ્ધા રાખીશું.

અને એ જ પ્રમાણે પ્રસંગ-માત્રમાં, એ દુઃખી કરનારા હોય કે સુખી, હાર હોય કે જીત, માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, સદ્ભાવી કે કમભાગી છતાં પણ આપણે મન અને આત્માની સમતા જાળવીશું. કારણ કે આપણે સર્વ બનાવોમાં કર્મ અને તેનાં ફળના સ્વામી પ્રભુની ઈચ્છા તેમ જ તેના વિકસતા આવિર્ભાવની ક્રમિક પ્રગતિ જોઈશું. જેમની આંતર-દૃષ્ટિ ખૂલી ગઈ છે તેમની સમક્ષ પદાર્થમાત્ર અને પ્રાણીમાત્રની માફક સર્વે પરિબળોમાં, તેમની લીલામાં અને તેમનાં પરિણામમાં પણ તે પોતાની જાત ખુલ્લી કરે છે. સર્વ કાંઈ એક દિવ્ય પ્રસંગ પ્રત્યે ગતિ કરી રહ્યું છે. દરેક અનુભૂતિ, પછી એ યાતના અને અછત હોય કે આનંદ અને તૃપ્તિ, છતાં એ હોય છે એક વિશ્વવ્યાપી હિલચાલને આગળ વધારતી એક અનિવાર્ય કડી; આપણે એનો જ સ્વીકાર અને સત્કાર કરવાનો છે. તેની સામે બંડ, બખાળા કે બૂમાબૂમ એ છે માત્ર આપણા અશુદ્ધ અને અજ્ઞાની આવેગના ઉછાળા. દરેક બાબતની માફક બંડનો પણ, લીલામાં ઉપયોગ છે, એટલું જ નહિ પણ તેના પોતાના સમય અને સ્થાને, દિવ્ય વિકાસક્રમમાં એ જરૂરી, મદદરૂપ અને નિશ્ચિત થએલ પણ હોય છે. પણ અજ્ઞાનમાંથી ઉદ્ભવતું બંડનું સ્થાન છે આત્માના બાલ્યકાળમાં કે તેના અપરિપક્વ તારુણ્યમાં પુખ્ત આત્મા બખાળા કરતો નથી પણ સમજણ અને પ્રભુત્વ ઝંખે છે, બૂમાબૂમ કરતો નથી પણ સ્વીકાર કરે છે, કે સુધારા કે પરિપૂર્ણતા માટે મથે છે, આંતરિક બંડ ઉઠાવતો નથી પણ પાલન કરવા, પાર પાડવા, પલટો લેવા પ્રયત્ન કરે છે, એટલે બધી જ બાબતોનો આપણે પ્રભુના હાથથી સમભાવે સ્વીકાર કરવાનો છે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૬૦-૬૧)

*

## શ્રદ્ધાપૂર્વક ને નિરાશા વગર યોગનો અભ્યાસ કરો

સાધનામાં લાંબી અને મક્કમ મજલ કર્યા પછી જ, ભયંકરમાં ભયંકર હુમલા થવા છતાં હૃદયમાં શ્રદ્ધા અચળ થાય છે; કદાચને તે ડૂબી ગએલી કે તણાઈ ગએલી લાગે તોપણ વહેલામાં વહેલી તકે પાછી દેખા દે છે. કારણ કે જબ્બર સ્ખલનો છતાં, અને અતિશય લાંબા પરાજય દરમિયાન પણ, હૃદય કે બુદ્ધિ એ બંનેથી ઉપરની કોઈક વસ્તુ તેને પકડી રાખે છે.

પણ સ્ખલનો અને અંધકારના આવા ગાળાઓથી, અનુભવી સાધકોની પ્રગતિમાં પણ કેટલીક ઓટ આવી જાય છે; અને નવાસવાને માટે તો એ અતિશય ખતરનાક નીવડે છે. એટલે પહેલેથી જ સાધના-પથની મુશ્કેલ કઠણાઈઓનો સમજપૂર્વક સ્વીકાર કરી લેવાનો છે અને જેને આપણી બુદ્ધિ અંધ કહે – છતાં જેમાં આપણી બૌદ્ધિક સમજના કરતાં વધારે સાચી સમજ હોય છે – તેવી શ્રદ્ધાની પાકી જરૂરિયાત સ્વીકારી લેવાની છે. કારણ કે આવી શ્રદ્ધા એ તો ઊર્ધ્વમાંથી આવતો આધાર છે; એ તો જેને બુદ્ધિ અને તેનાં સમર્થનો પહોંચી શકે તેમ નથી એવા કોઈક ગુપ્ત પ્રકાશમાંથી આવતી એક તેજસ્વી છાયા છે; એ તો ટૂંકી નજરિયા આભાસોથી ના બંધાય એવા એક ગોપિત જ્ઞાનનું હૃદય છે. ખંતથી જાળવેલી શ્રદ્ધા લેખે લાગે જ છે અને છેવટે, ઊંચે ચડી એક દિવ્ય જ્ઞાનના પોતાના આવિર્ભાવ તરીકે રૂપાંતર પામે છે. ''હિંમત હાર્યા વિના, મક્કમતાથી યોગનું આચરણ કર્યા જ કરવાનું છે''[૧] એ ગીતા-બોધને સતત વળગી રહેવાનું છે; શંકા-શીલ બુદ્ધિને, પ્રભુએ આપેલું અભય વચન સંભળાવ્યા જ કરવાનું છે કે ''હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ જ; શોક ના કર''[૨] છેવટે, ડગમગતી શ્રદ્ધા અચળ થઈ જશે, કારણ કે આપણને પ્રભુનું મુખારવિંદ દેખાશે, તેની દિવ્ય હાજરી કાયમ માટે સ્થાપિત થઈ જશે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૮૩)

*

## આપણાં કર્મોનો સ્વામી

કર્મનો સ્વામી જ્યારે પ્રકૃતિનું રૂપાંતર કરતો હોય છે ત્યારે પણ એ પ્રકૃતિ કેવી જાતની છે તે ધ્યાનમાં રાખે છે; તે કોઈ ગમે તેવા તુક્કાથી નહિ પણ હમેશાં, પ્રકૃતિની પોતાની દ્વારા જ કામ કરે છે. આ આપણી અધૂરી પ્રકૃતિમાં સંપૂર્ણતા માટેનો મસાલો ભરેલો છે જ, પણ તે કાચો છે, વિરૂપ છે, ખોટી જગ્યાએ મુકાએલો કે વગર ગોઠવ્યે ખડકાએલો કે જેવો તેવો ગોઠવાએલો છે. આ બધા મસાલાને ધીરજથી પરિપૂર્ણ કરવાનો છે, શુદ્ધ કરવાનો છે, ફરી ગોઠવવાનો અને ઢાળવાનો છે, બદલી નાખવાનો છે; છોલવાનો, કાપવાનો, તોડવાનો, ઉડાવી દેવાનો કે દંડ અને દમન કરી મારી નાખવાનો નથી. આ દુનિયા અને તેમાં રહેનારા આપણે બધાં તેનાં જ સર્જનો અને સ્વરૂપો છીએ, અને તે તેને અને આપણને જે રીતે સાચવે છે તે આપણું સાંકડું અને અજ્ઞાની મન સમજી શકે તેમ નથી, – સિવાય કે એ નીરવ બને અને દિવ્ય જ્ઞાન પ્રત્યે ખુલ્લું થાય. આપણી ભૂલોમાં એવા સત્ય માટેનું સત્ત્વ ભરેલું છે કે જે ફાંફાં મારતી આપણી બુદ્ધિની સમક્ષ પોતાનું રહસ્ય ખુલ્લું કરવા મથી રહ્યું છે. આપણી બુદ્ધિ ભૂલને, અને તેની સાથે સત્યને પણ ઉડાવી નાખે છે અને તેની જગ્યાએ બીજા એક અર્ધ-સત્ય-અર્ધ-ભૂલને બેસાડી દે છે. પણ જ્યાં સુધી સર્વે ભ્રામક આવરણની નીચે છુપાએલા સત્યને પામી શકવા જેટલા આપણે સમર્થ ના થઈએ ત્યાં સુધી પ્રભુની સુજ્ઞ પ્રજ્ઞા આપણી ભૂલોને સહન કરી લે

---

૧. ગીતા : ૬/૨૩
૨. ગીતા : ૧૮/૬૬

છે. પાપ નહિ પણ પરિપૂર્ણતાને, જેને આપણે ''દિવ્ય સદ્‌ગુણ'' કહી શકીએ તેને, શોધવા નીકળેલી પરમ શક્તિની ખોટી ચાલ તે જ છે આપણાં પાપ-કર્મો. ઘણી વાર તો એ, આ ભદ્દા બુરખામાંથી બહાર કાઢી બદલી નાખવાના સાચા ગુણનાં આવરણ જ હોય છે; નહિ તો વસ્તુમાત્રના નખ-શીખ સાચા નિર્માણમાં તેમને સર્જવાની અને સાચવવાની આવી ભૂલ શા માટે ? આપણાં કર્મોનો સ્વામી એ નથી કોઈ મૂરખ-રાજ કે બેદરકાર પ્રેક્ષક કે બિનજરૂરી પાપના વૈભવમાં રાચતો કોઈ એદી. એ આપણી બુદ્ધિના કરતાં વધારે સમજુ છે, આપણી નીતિના કરતાં વધારે શાણો છે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૮૪)

*

## દિવ્ય પ્રભુ અને એમની શક્તિમાં વિશ્વાસ

કર્મનો સ્વામી જ્યારે પ્રકૃતિનું રૂપાંતર કરતો હોય છે ત્યારે પણ એ પ્રકૃતિ કેવી જાતની છે તે ધ્યાનમાં રાખે છે; તે કોઈ ગમે તેવા તુક્કાથી નહિ પણ હમેશાં, પ્રકૃતિની પોતાની દ્વારા જ કામ કરે છે. આ આપણી અધૂરી પ્રકૃતિમાં સંપૂર્ણતા માટેનો મસાલો ભરેલો છે જ, પણ તે કાચો છે, વિરૂપ છે, ખોટી જગ્યાએ મુકાએલો કે વગર ગોઠવ્યે ખડકાએલો કે જેવો તેવો ગોઠવાએલો છે. આ બધા મસાલાને ધીરજથી પરિપૂર્ણ કરવાનો છે, શુદ્ધ કરવાનો છે, ફરી ગોઠવવાનો અને ઢાળવાનો છે, બદલી નાખવાનો છે; છોલવાનો, કાપવાનો, તોડવાનો, ઉડાવી દેવાનો કે દંડ અને દમન કરી મારી નાખવાનો નથી. આ દુનિયા અને તેમાં રહેનારા આપણે બધાં તેનાં જ સર્જનો અને સ્વરૂપો છીએ અને તે તેને અને આપણને જે રીતે સાચવે છે તે આપણું સાંકડું અને અજ્ઞાની મન સમજી શકે તેમ નથી, સિવાય કે એ નીરવ બને અને દિવ્ય જ્ઞાન પ્રત્યે ખુલ્લું થાય. આપણી ભૂલોમાં એવા સત્ય માટેનું સત્ત્વ ભરેલું છે કે જે ફાંફાં મારતી આપણી બુદ્ધિની સમક્ષ પોતાનું રહસ્ય ખુલ્લું કરવા મથી રહ્યું છે. આપણી બુદ્ધિ ભૂલને, અને તેની સાથે સત્યને પણ ઉડાવી નાખે છે અને તેની જગ્યાએ બીજા એક અર્ધ-સત્ય-અર્ધ-ભૂલને બેસાડી દે છે; પણ જ્યાં સુધી સર્વે ભ્રામક આવરણની નીચે છુપાએલા સત્યને પામી શકવા જેટલા આપણે સમર્થ ના થઈએ ત્યાં સુધી પ્રભુની સુજ્ઞ પ્રજ્ઞા આપણી ભૂલોને સહન કરી લે છે. પાપ નહિ પણ પરિપૂર્ણતાને, જેને આપણે ''દિવ્ય સદ્‌ગુણ'' કહી શકીએ તેને, શોધવા નીકળેલી પરમ શક્તિની ખોટી ચાલ તે જ છે આપણાં પાપ-કર્મો. ઘણી વાર તો એ, આ ભદ્દા બુરખામાંથી બહાર કાઢી બદલી નાખવાના સાચા ગુણનાં આવરણ જ હોય છે; નહિ તો વસ્તુમાત્રના નખ-શીખ સાચા નિર્માણમાં તેમને સર્જવાની અને સાચવવાની આવી ભૂલ શા માટે ? આપણાં કર્મોનો સ્વામી એ નથી કોઈ મૂરખ-રાજ કે બેદરકાર પ્રેક્ષક કે બિનજરૂરી પાપના વૈભવમાં રાચતો કોઈ એદી. એ આપણી બુદ્ધિના કરતાં વધારે સમજુ છે, આપણી નીતિના કરતાં વધારે શાણો છે.

આપણી પ્રકૃતિના સંકલ્પો ભૂલથી ભરેલા અને જ્ઞાન, અજ્ઞાનથી ભરેલું તો છે જ પણ શક્તિ ય નબળાઈથી ભરેલી છે; પણ પ્રભુની પરમ શક્તિ હાજરાહજૂર છે અને જો આપણે

તેની પર ભરોસો રાખીએ તો, એ આપણને આગળ દોર્યે જશે અને આપણી નબળાઈઓ અને શક્તિઓને દિવ્ય હેતુના કામમાં લેશે. આપણી તાત્કાલિક નિષ્ફળતાનો અર્થ એટલો જ કે તેણે એ નિર્મેલી હતી; ઘણી ય વાર તાત્કાલિક અને પૂરી સફળતાથી આપણને મળી શકે તેના કરતાં ઘણું વધારે સારું પરિણામ મેળવવા માટે નિષ્ફળતા કે કુ-ફળતા એ જ તદ્દન સાચો રસ્તો હોય છે. આપણે સહન કરવાનું એટલા જ માટે છે કે જેથી આનંદની કોઈક દુર્લભ શક્યતા માટે આપણી અંદર કાંઈક પરિપક્વ બને. જો આપણને ઠોકર વાગે તો એ, છેવટે, વધારે પરિપૂર્ણતાથી ચાલવાનું રહસ્ય શીખીએ એટલા જ માટે હોય છે. ખુદ શાંતિ, શુદ્ધિ અને સંપૂર્ણતાની સિદ્ધિ માટે પણ અતિ આંધળી ઉતાવળ નથી કરવાની. શાંતિને તો સ્થાપવાની જ છે, પણ એ શાંતિ કોઈ ખાલી કે ઉજ્જડ પ્રકૃતિની નહિ, કે નહિ કોઈ એવી મુડદાલ કે અપંગ અશક્તિની કે જેમાંથી આપણે ઉગ્રતા, અગ્નિ કે શક્તિની શક્યતા કાઢી નાખીને તેને હાલવા માટે પણ અસમર્થ બનાવી દીધી હોય. શુદ્ધિનું સ્વપ્ન તો ખરું જ પણ કોઈ શૂન્ય કે રંગહીન કે અક્કડ ઠંડીગાર શુદ્ધિ નહિ. પરિપૂર્ણતા માટે પડકાર થએલો જ છે પણ એવી પરિપૂર્ણતા નહિ કે જેનું સ્થાન સાંકડી સીમાઓમાં સમાઈ જતું હોય કે સદાય વિસ્તરતા અનંતતાના ટીપણામાં ઓચિંતાં પૂર્ણ-વિરામશી અટકી પડતી હોય. આપણું ધ્યેય છે દિવ્ય પ્રકૃતિમાં પલટાવાનું, પણ દિવ્ય પ્રકૃતિ એ કોઈ બૌદ્ધિક કે નૈતિક નહિ પણ એવી આધ્યાત્મિક અવસ્થા છે કે જે મન વડે મેળવવાની મુશ્કેલ તો છે જ પણ બુદ્ધિથી સમજવાની પણ મુશ્કેલ છે. શું કરવાનું છે એની આપણાં કર્મોના અને આપણા યોગના સ્વામીને ખબર છે જ અને આપણી અંદર એનો અમલ, તેનાં પોતાનાં સાધનોથી અને તેની પોતાની રીતથી આપણે તેને કરવા દેવાનો છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૮૪-૮૫)

*

## લાંબી મજલનાં પહેલાં પગલાં

આ લાંબી મજલનું પહેલું પગલું છે : આપણી અને દુનિયાની અંદર વસતા પ્રભુને આપણાં સર્વ કર્મો યજ્ઞરૂપે સમર્પણ કરવાં. મન અને હૃદય દ્વારા આવી નિષ્ઠાની શરૂઆત કરવી એ ખાસ અઘરું નથી; પણ તેને દિલની સચ્ચાઈથી પૂરેપૂરી ભરવી અને સર્વત્ર વિસ્તારવી એ જ ખરેખરું મુશ્કેલ છે. બીજું પગલું છે : આપણાં કર્મોના ફળની ઇચ્છાનો ત્યાગ; કારણ કે યજ્ઞનું એકમાત્ર સાચું, અનિવાર્ય અને પૂરેપૂરું ઇચ્છનીય ફળ, એકમાત્ર સાચી જરૂરિયાત છે, આપણી અંદર પ્રભુની સન્નિધિ. પ્રભુની ચેતના અને શક્તિ; અને જો એ મળી જાય તો બાકીનું બધું જ આવી મળશે. આ જ છે આપણી પ્રાણ-પ્રકૃતિના અહમ્‌ભર્યા સંકલ્પોનું, આપણા કામાત્માનું, આપણી વાસનામય પ્રકૃતિનું રૂપાંતર; અને એ જ છે ખરેખરું મુશ્કેલ. ત્રીજું પગલું છે : કેન્દ્રસ્થ અહંકારનું, અને ખુદ કર્તા તરીકેના અહમ્‌ભાવનું પણ વિસર્જન. આ રૂપાંતર મુશ્કેલમાં મુશ્કેલ છે અને જો પહેલાં બે પગલાં ના લીધેલાં હોય તો આ પગલું પરિપૂર્ણ થઈ શકતું નથી; પણ જો આ ત્રીજું શિખરરૂપ પગલું ના ભરાયું હોય અને અહમ્-ભાવનું વિસર્જન કરીને ઇચ્છાઓના

ખુદ મૂળને ઉખેડી નખાયું ના હોય તો પહેલાં બે પગલાં પણ પરિપૂર્ણ થઈ શકતાં નથી.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૮૬)

*

## કર્તુત્વાભિમાનથી સાવધ રહેવું

દરેકેદરેક માણસ; જાણ્યે કે અજાણ્યે, એક વિશ્વવ્યાપી શક્તિનું કરણ છે. અને અંદર વસતા અંતર્યામીને બાદ કરતાં, કર્મે કર્મે કે કરણે કરણે એવો કોઈ જ તાત્ત્વિક ભેદ નથી કે જેથી અહંકારભર્યું અભિમાન કરવાની મૂર્ખાઈને અવકાશ મળે. અજ્ઞાની રહેવું કે જ્ઞાની થવું એ પરમાત્માની કૃપાની વાત છે; દિવ્ય શક્તિ પોતાની બંસી પોતાની મરજી થાય ત્યાં બજાવે છે; પોતાના સ્વર કે શક્તિથી આજે આને તો કાલે તેને ભરી દે છે. ઘડાનો ઘડનાર એક ઘડાને બીજાના કરતાં વધારે સુંદર ઘડે તો તેમાં ઘડાની નહિ પણ ઘડનારની ખૂબી છે. ''આ બળ તો મારું છે,'' અથવા ''જુઓ, મારી અંદર પ્રભુની કેટલી શક્તિ છે!'' એમ આપણું મન કહી શકે નહિ; એ તો એમ જ કહી શકે : ''પ્રભુની દિવ્ય શક્તિ આ મન અને શરીરમાં કાર્ય કરી રહી છે, અને એ જ કાર્ય કરી રહી છે સર્વે મનુષ્યોમાં અને પ્રાણીઓમાં, વનસ્પતિમાં અને પથ્થરમાં, સચેતન અને સજીવન વસ્તુઓમાં તો અચેતન અને જડ લાગતી વસ્તુઓમાં પણ.'' સર્વ કાંઈમાં એકમાત્ર પ્રભુ જ કાર્ય કરી રહ્યો છે અને સમગ્ર સૃષ્ટિ દિવ્ય કર્મધારાનું અને તેના ક્રમિક આવિર્ભાવનું એકસરખું કરણ છે એવી વિશાળ દૃષ્ટિ એ જ જો આપણી અખંડ અનુભૂતિ થઈ રહે તો આપણી પ્રકૃતિમાંથી સર્વ રાજસિક અહંકાર હાંકી કાઢવામાં મદદ મળે અને ખુદ સાત્ત્વિક અહમ્‌ભાવ પણ ચાલ્યો જવા માંડે. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૨૮૯)

*

## પરમ સખા આપણો સંગાથ કરે છે

પણ એ તો બનશે એક લાંબી અને કપરી યાત્રાને અંતે; અને ત્યાં સુધી કર્મનો સ્વામી કાંઈ વાટ જોતો બેસી નથી રહેતો; એ તો યોગના યાત્રીને અધવચ્ચે પણ મળવા આવે છે અને તેનો છૂપો, કે અર્ધ-ખુલ્લો હાથ તેના મસ્તકે, તેના આંતરિક જીવનમાં અને તેનાં કર્મોમાં મૂકે છે. તે આ દુનિયામાં, અચેતનતાનાં ગાઢાં આવરણોની નીચે દબાએલો, તો પ્રાણની શક્તિમાં છુપાતો અને મનને પ્રતીકશા દેવતાઓ અને સ્વરૂપો દ્વારા દેખા દેતો, કર્મોનો આરંભ કરનાર અને સ્વીકાર કરનાર તરીકે તો હાજર હતો જ. તો, હવે, પૂર્ણયોગ માટે નિર્મિત આત્માને એ સૌથી પહેલો આ છૂપા વેશોમાં જ દેખા દે એમ પણ બને. અથવા તો, તેના અંચળાઓને હજીય આછા કરીને કોઈ આદર્શ તરીકે આપણા ખ્યાલમાં આવે કે પરમ પ્રેમ, શુભ, સૌંદર્ય, કે જ્ઞાનની કોઈ અમૂર્ત શક્તિ તરીકે માનસિક સ્વરૂપ સ્વીકારે અથવા યોગમાર્ગ પર પગલાં માંડતાં એ આપણને માનવતાના સાદનો, કે દુનિયાને અંધકાર અને અસત્ય અને મૃત્યુ અને યાતનાની એ અજ્ઞાનમય ચોકડીમાંથી મુક્ત કરવા માટે પ્રેરતી એક સંકલ્પશક્તિનો અંચળો ઓઢીને પણ આવી મળે. અને પછીથી, આપણે યોગમાર્ગ પર ચડી જઈએ ત્યારે એ એની

વિશાળ અને સમર્થ મુક્તિદાયક નિરાકારતાથી આપણને ફરી વળે છે કે કોઈ સાકાર દેવનું મુખ અને દેહ ધારણ કરીને આપણી પાસે આવી લાગે છે. આપણી અંદર અને આજુબાજુ એક સહાયક, સંરક્ષક અને પોષક પરમ શક્તિ તરીકે આપણે તેને અનુભવીએ છીએ; આપણને એક માર્ગદર્શક સાદ સંભળાય છે. આપણા કરતાં અતિ વિશાળ, સચેતન સંકલ્પશક્તિ આપણું શાસન કરે છે; આપણા વિચારોને, કર્મોને અને ખુદ આપણા દેહને પણ એક અનુલ્લંઘનીય સામર્થ્ય ચલાવે છે. સતત વિશાળ થયે જતી એક પરમ ચેતના આપણી ચેતનાને પોતાનામાં ભેળવતી જાય છે, પરમ જ્ઞાનનો એક જીવંત પ્રકાશ આપણી અંદર સર્વત્ર પ્રકાશ પાથરે છે, કે એક પરમ સુખ આપણી ઉપર આક્રમણ કરે છે. ઊર્ધ્વમાંથી કોઈ એક પરમ સામર્થ્ય આપણી ઉપર નક્કર અને વિશાળ અને લાચાર બનાવી દેતું દબાણ કરે છે અને ખુદ આપણી પ્રકૃતિના પદાર્થમાં પેસારો કરે છે અને તેને ભરી દે છે; એક પરમ શાંતિ – અને એક પરમ પ્રકાશ, એક પરમ આનંદ, પરમ સામર્થ્ય અને એક પરમ ભવ્યતા પણ – ત્યાં આવી બેસે છે. અથવા તો અંગત સંબંધ બંધાય છે – જીવનના જેવો જ ઘનિષ્ટ, પ્રેમ જેવો મધુર, આકાશશો આવરી લેતો, અતાગ સાગરશો અગાધ. એક પરમ સખા આપણો સંગાથ કરે છે, એક પરમ પ્રેમી હૃદયની ગુપ્તતામાં સંગ આપે છે, કર્મો અને કસોટીઓનો સ્વામી રાહ દેખાડે છે : સર્જનોનો સર્જક આપણને તેનાં નિમિત્ત બનાવે છે; સનાતન મા આપણને તેની બાથમાં લે છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૩૦૧-૦૨)

*



**શ્રી માતાજી**

# અંગત મોક્ષની કામનાથી ઉપર ઊઠો

અંગત મોક્ષ ગમે તેવા ઊંચા સ્વરૂપે રજૂ થાય તોપણ એ અહમ્‌માંથી જ નીપજે છે; તેના મૂળમાં આપણી અંગતતાનો ખ્યાલ અને અંગત લાભ કે હિતની ઇચ્છા, દુઃખોમાંથી છૂટવાની ઝંખના, જન્મ–જન્માંતરની યાતનાઓના અંત માટેનો નાદ એ બધાં પડેલાં છે, અને તેમને જ એ આપણા જીવનનું ઉચ્ચ ધ્યેય બનાવે છે. પાયારૂપ આ અહમ્‌નો સંપૂર્ણ ત્યાગ કરવા માટે તો અંગન મોક્ષની ઇચ્છામાંથી પણ ઉપર ચાલ્યા જવું પડે. જો આપણે પ્રભુ જોઈતો હોય તો તે બીજા શેને ય ખાતર નહિ પણ પ્રભુને પોતાને જ ખાતર; કારણ કે એ જ છે આપણી જાતનો ઉચ્ચોચ્ચ આદેશ, આત્માનું ગહનતમ સત્ય....

*

અંગત મોક્ષની આ ઇચ્છાને પાછળ રાખી દેતું બીજું એક એવું આકર્ષણ ઘણી વાર જોવા મળે છે કે જે આપણી પ્રકૃતિનાં ઉચ્ચ વલણમાંથી આવે છે અને મુક્તાત્માએ કેવી જાતનું કર્મ કરવાનું છે તેની ખાસિયત દેખાડે છે. અમિતાભ બુદ્ધનો આત્મા નિર્વાણના છેક ઉંબર સુધી પહોંચીને પાછો વળ્યો અને જ્યાં સુધી એક પણ પ્રાણી દુઃખ અને અજ્ઞાનમાં રિબાતું હોય ત્યાં સુધી નિર્વાણમાં નહિ પ્રવેશવાની પ્રતિજ્ઞા લીધી એ કથામાં આ વસ્તુ સમાએલી છે. ''મારે નથી જોઈતી અષ્ટસિદ્ધિવાળી ઐશ્વર્યથી પણ ઉચ્ચ એવી કોઈ પરમ અવસ્થા, કે નથી જોઈતી પુનર્જન્મમાંથી મુક્તિ; હું તો વાંછું છું પીડિત પ્રાણીઓના અંતરમાં વસીને તેમનો સર્વ દુઃખભાર મારે માથે ઉઠાવી લેવાનું કે જેથી તેઓ દુઃખમાંથી મુક્ત બને.''

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ : ૧ પૃ. ૩૧૦-૧૧)

# શ્રી માતાજીની શબ્દસુધા

**પ્રથમ સોપાન :**

**''યોગની પ્રક્રિયા એ માનવ આત્માની બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિમાંથી વળી જવાની ક્રિયા છે.'' બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિ એ મને ન સમજાયું.**

માણસો બાહ્ય વસ્તુઓમાં ગુંથાયેલા રહે છે, અર્થાત્ તેમની ચેતના બહિર્મુખ છે; ગહનતર સત્ય પ્રત્યે, દિવ્ય હાજરીને શોધવા માટે અંતર્મુખ બનવાને બદલે તેમની ચેતના જીવનની સર્વ વસ્તુઓમાં, પોતે જે કાંઈ જુએ છે, જાણે છે, કરે છે તેમાં ગુંથાયેલી રહે છે. આ પ્રથમ ગતિ છે. તમે જે કાંઈ કરો છો તેમાં, આસપાસના માણસોમાં, તમે જેમનો ઉપયોગ કરો છો તે વસ્તુઓમાં ગુંથાયેલા રહો છો. પછી જીવનમાં તમે ઊંઘો છો, ખાઓ છો, વાતો કરો છો, થોડુંક કામ કરો છો, થોડીક મજાક પણ કરો છો અને ફરી પાછું તેનું તે જ કરતા રહો છો; આ કાર્યક્રમ રોજ રોજ ચાલુ રહે છે. આ માણસે શું કહ્યું, પેલા માણસે શું કર્યું, પોતે શું કરવું જોઈએ, પોતે પોતાનું શીખવાનું છે તે વિશે, જે એકર્સાઈઝ પોતે તૈયાર કરવાની છે તે વિશે, માણસની તબિયત સારી છે કે કેમ તે વિશે, મોટે ભાગે માણસ આનો જ વિચાર કર્યા કરે છે.

એટલે પ્રથમ ગતિ, જે બહુ સહેલી નથી, એ છે કે એ બધું માણસે પાછળ મૂકી દેવું જોઈએ, અને પોતાની ચેતના સમક્ષ એક જ મહત્ત્વની વસ્તુ અંદર આવવા દેવી જોઈએ. તે છે જીવનના હેતુની શોધ, પોતે કેવો છે, શા માટે જીવે છે, આ બધાની પીઠમાં કયું તત્ત્વ રહેલું છે, આની શોધ. આ પ્રથમ પગલું છે : આવિર્ભાવ કરતાં તેના કારણમાં અને લક્ષ્યમાં વધારે રસ લેવો તે. અર્થાત્ બાહ્ય દેખીતી વસ્તુઓ સાથેના સમગ્ર તાદાત્મ્યમાંથી ચેતનાને પાછી ખેંચી લેવી અને પોતે જે સત્યને શોધવા માગે છે તેના પર એક પ્રકારની એકાગ્રતા એ પ્રથમ ગતિ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ પૃ. ૩૫૫-૫૬)

*

**બાહ્ય દેખાવોની પૂઠળે જુઓ**

શ્રી અરવિન્દ અહીં કહે છે કે ''દિવ્ય કાર્ય એ કાર્ય નથી કે જેની કામના અહંતાપૂર્ણ મન કરે અથવા તે જેને સંમતિ આપે. કારણ કે સત્યને પહોંચવા માટે તે ભૂલનો ઉપયોગ કરે છે, આનંદને પહોંચવા માટે દુઃખનો ઉપયોગ કરે છે, પરિપૂર્ણતાને પહોંચવા માટે અપૂર્ણતાનો ઉપયોગ કરે છે.'' કેવી રીતે ?

કાર્ય, કારણ, સર્વ વસ્તુઓનાં પરિણામોના, સર્વ ગતિઓ વચ્ચેના સંબંધના અમુક તર્કશાસ્ત્રથી આપણે ટેવાઈ ગયાં છીએ. આપણે વિચાર કર્યા સિવાય, વસ્તુઓને હકીકત માનીને સ્વીકારી લઈએ છીએ, કારણ કે આપણે હંમેશાં તેમાં જ જીવ્યા છીએ. જો આપણે હંમેશાં તેમાં ન જીવ્યા હોત, તો તે આપણને જુદા પ્રકારનું દેખાત. માણસ આ પ્રયોગ કરી શકે

છે : જો તે અત્યારના જગતની નિશ્ચિતતાની બહાર જાય, આ જગત શારીરિકનું, પ્રાણિકનું, માનસિકનું અને આવૃત આધ્યાત્મિક અસરનું સંમિશ્રણ છે, દરેક બનતી વસ્તુ આ સર્વનું સંમિશ્રણ છે. જો આપણે તે બધાથી બહાર જઈએ (આપણે તેમ કરી શકીએ છીએ), જો આપણે શારીરિક, ભૌતિક જગતથી ઊર્ધ્વમાં આરોહણ કરીએ અને બીજી ચેતનામાં પ્રવેશ કરીએ, તો આપણે વસ્તુઓ તદ્દન ભિન્ન પ્રકારે જોઈએ.

ત્યારે આપણે જોઈએ કે આપણને તદ્દન તર્કયુક્ત, સ્વાભાવિક અને જરૂરી જણાતા આ બધા દેખાવોની પીઠમાં એવું કાંઈક છે કે, જો આપણે તેને સામાન્ય ચેતનામાં જોઈએ તો, તે આપણને ચમત્કાર જેવું લાગે.

શક્તિઓની, ચેતનાઓની, ગતિઓની, અસરોની એવી એક દરમિયાનગીરી થતી હોય છે, જેને આપણી સામાન્ય ચેતના જોઈ શકતી નથી, પણ જે સંજોગોના સમગ્ર માર્ગમાં સતત પરિવર્તન લાવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ પૃ. ૩૮૧-૮૨)

*

**પ્રતિનિધિત્વ સંઘ**

''ઘણી વાર સાધકને એમ લાગે છે કે પોતે આગ્રહપૂર્વક પોતાના અંગત યુદ્ધમાં વિજય મેળવ્યો છે છતાં તેને વારંવાર વિજય મેળવવો પડે છે.''

(Synthesis of Yoga : Self Consecration)

*

તમે મને બરાબર સમજો છો કે નહિ તે હું જાણતી નથી, પણ અંગત સાક્ષાત્કારને કોઈ મર્યાદાઓ નથી. માણસ, આંતર રીતે, પોતામાં પરિપૂર્ણ અને અનંત બની શકે. પણ બાહ્ય સાક્ષાત્કાર અનિવાર્ય રીતે મર્યાદિત છે. જો માણસ સર્વસાધારણ કાર્ય માગતો હોય, તો માણસોની થોડી સંખ્યા પણ જરૂરી છે.

એક ખૂબ પ્રાચીન પરંપરામાં એમ કહેવામાં આવ્યું હતું કે, બાર માણસોની સંખ્યા પૂરતી છે, પણ આધુનિક જીવનની જટિલતાઓમાં તે શક્ય લાગતું નથી. એક પ્રતિનિધિ–સમૂહ હોવો જ જોઈએ. તમે તેને વિશે કાંઈ પણ જાણતા નથી અથવા કલ્પના કરી શકતા નથી, પણ તમારામાંનો દરેક જણ એવી મુશ્કેલીઓનું પ્રતિનિધિત્વ કરે છે કે રૂપાંતર સિદ્ધ કરવા માટે તેમને જીતવી જ જોઈએ. આ વસ્તુ ઘણી મુશ્કેલીઓ પેદા કરે છે ! (માતાજી હસે છે) મેં એક જગ્યાએ લખ્યું છે કે, દરેક જણ મુશ્કેલી કરતાં વધારે અશક્યતાનું પ્રતિનિધિત્વ કરે છે, જેનો ઉકેલ લાવવાનો છે. આ સર્વ અશક્યતાઓના સમૂહનું સાક્ષાત્કારના કાર્યમાં રૂપાંતર કરવાનું છે. દરેક જણ એક અશક્યતા છે, જેનો ઉકેલ લાવવાનો છે. જ્યારે આ બધી અશક્યતાઓનો ઉકેલ લાવવામાં આવશે, ત્યારે કાર્ય સિદ્ધ થશે.

પણ અત્યારે હું વધારે મૃદુ છું. હું અશક્યતાને બદલે મુશ્કેલી શબ્દ મૂકું છું. કદાચ હવે તે અશક્યતાઓ રહી નથી.

શરૂઆતથી અને ખાસ કરીને અત્યારે જ્યારે આપણો સમૂહ ખૂબ મોટો થઈ ગયો છે ત્યારે,

જ્યારે કોઈ માણસ મને કહેવા આવે છે કે હું મારા યોગ માટે આવું છું, ત્યારે હું કહું છું કે ''ઓહ, ના ! તો પછી ન આવશો. બીજા કોઈ સ્થાન કરતાં અહીં કાર્ય વધારે, ખૂબ વધારે કઠિન છે.'' શ્રી અરવિન્દે અહીં જે લખ્યું છે તે તેનું કારણ છે.

જો કોઈ મને એમ કહેવા આવે કે હું કાર્ય કરવા આવું છું, મારી જાતને ઉપયોગી બનાવવા આવું છું, તો તે બરાબર છે, પણ જો કોઈ આવે અને કહે કે ''બહાર મને ઘણી મુશ્કેલીઓ છે, હું તેમને પાર કરી શકતો નથી. હું અહીં એટલા માટે આવું છું કે મને મદદ મળે.'' તો હું કહું છું કે ''ના, ના. અહીં વધારે, ઘણું વધારે કઠિન બની જશે; તમારી મુશ્કેલીઓ અનંતગણી વધી જશે.'' તેં સાચું છે, કારણ કે અહીં વ્યક્તિગત મુશ્કેલીઓ નથી પણ સામૂહિક મુશ્કેલીઓ છે.

તમારી અંગત મુશ્કેલી ઉપરાંત અહીં અનેક પ્રકારના સંઘર્ષો, સંપર્કો, પ્રતિકાર્યો છે, કે જે બહારથી આવે છે, કસોટી કરવા માટે આવે છે, તમારી નબળાઈના બિંદુ પર, જેનો ઉકેલ લાવવો સૌથી વધારે મુશ્કેલ છે તે વસ્તુ પર જ કસોટી આવે છે, ત્યારે તમે જે શબ્દ–ગુચ્છ સાંભળવા માગતા ન હતા તે જ તમારે બીજા માણસ પાસેથી સાંભળવો પડશે. કોઈક તમને આઘાત આપે એવો અભિનય કરશે, તમારે એવા કોઈ સંયોગનો, ગતિનો, હકીકતનો, પદાર્થનો સામનો કરવો પડશે કે તમે બોલી ઊઠશો કે આ ન બન્યું હોત, તો કેવું સારું થાત ! તેવું જ કાંઈક વધુ ને વધુ પ્રમાણમાં બનતું રહેશે, કારણ કે તમે માત્ર તમારા એકલા માટે આ યોગ કરતા હોતા નથી પણ દરેક જણ માટે કરો છો અને તે પણ સ્વયંભૂ રીતે.

એટલે જ્યારે લોકો આવીને મને કહે છે કે હું મારો યોગ કરવા માટે, મને શાન્તિ અને આરામ મળે તેટલા માટે હું અહીં આવું છું, ત્યારે હું કહું છું કે 'ના, ના, તરત જ બીજે ક્યાંક જતા રહો. અહીંના કરતાં ત્યાં તમને વધારે શાન્તિ મળશે.'

જો કોઈ માણસ આવે અને મને કહે કે ''ઠીક, હું અહીં આવી ગયો છું. મને લાગે છે કે મારે મારી જાતનું દિવ્ય કાર્ય માટે સમર્પણ કરી દેવું જોઈએ. તમે મને જે કાર્ય આપશો તે કરવા હું તૈયાર છું.'' ત્યારે હું કહું છુ કે '' સરસ. એ બરાબર છે. જો તમારામાં સત્સંકલ્પ, સહિષ્ણુતા, અને થોડીક શક્તિ હોય, તો તમે ભલે અહીં રહો, પણ જો તમે તમારા આંતર વિકાસ માટે એકાંત ઇચ્છતા હો, તો તમે બીજે ગમે તે સ્થાને ચાલ્યા જાઓ એ વધારે સારું છે, પણ અહીં નહિ.''

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ પૃ. ૪૧૪-૧૬)

*

**અંગત પ્રયત્ન અને પ્રગતિ**

**માતાજી, હું આ સમજતો નથી. ''આપણા અંગત પ્રયાસની અને અભીપ્સાની લાગણી, અહંતાપૂર્ણ મન દિવ્ય શક્તિનાં કાર્યો સાથે ખોટી અને અપૂર્ણ રીતે પોતાનું તાદાત્મ્ય કરવાનો પ્રયાસ કરે છે તે પ્રયાસમાંથી પેદા થાય છે.''**

એમાં તમે શું નથી સમજતા ? વાક્યને કે વિચારને ?

**માતાજી, વિચારને હું નથી સમજતો.**

તેને વધારે પરિચિત શબ્દોમાં મૂકી શકાય.

વ્યક્તિને અને ખાસ કરીને તેના મનને એમ કબૂલ કરવામાં સાહજિક અણગમો હોય છે કે તેમના નાનકડા અંગત વ્યક્તિત્વથી બીજી જ કોઈ શક્તિ વસ્તુઓ કરી રહી છે. એક પ્રકારની સાહજિક વૃત્તિ તમને તેવી ખાતરી આપતી હોય છે કે અભીપ્સાનો પ્રયાસ અને પ્રગતિ માટેનો સંકલ્પ અમે જ કરીએ છીએ, તે અમારો અધિકાર છે, તેનો જશ અમને જ મળવો જોઈએ.

કલાનો, સાહિત્યનો, અને વિજ્ઞાનનો માણસ, જે કાંઈક ઉત્પન્ન કરે છે, અધ્યયન કરે છે, અને જેને એવી ખાતરી હોય છે કે આ બધું હું જ કરું છું તેનાથી માંડીને એક અભીપ્સાયુક્ત યોગી સુધી, જે એમ માને છે કે મારી અભીપ્સાની ઉત્કટતા અને સાક્ષાત્કાર માટેની મારી અંગત જરૂરિયાત મને આગળ ધકકેલી રહી છે. તેમને જો કોઈ જરાક વહેલા એમ કહે કે ના, ભગવાન તમને અભીપ્સા આપે છે, ભગવાનની શક્તિ તમારામાં કોઈ વસ્તુ ઉત્પન્ન કરે છે, તો તેઓ પછી કશું જ કરતા નથી, લાંબા થઈને સૂઈ જાય છે, પછી તેમને તે કરવામાં કશો રસ પડતો નથી, તેઓ કહે છે કે ઠીક, તો પછી મારે કાંઈ કરવાનું રહેતું નથી, ભગવાન ભલે તેને કરે. મને આવા લોકોનો અનુભવ છે.

શ્રી અરવિન્દના કહેવાનો આ જ અર્થ છે કે મન એવું અહંતાયુક્ત અને અભિમાની છે કે જો તમે જેને તે શોધે છે તે સંતોષ લઈ લો તો તે તમને સહકાર આપતું નથી, પ્રાણિક પણ નહિ. શારીરિક પ્રાણિકની અને મનની આજ્ઞા માને છે, એટલે તે પણ સહયોગ આપતું નથી. પછી માણસ એવા એક જડ જથ્થા સામે આવીને ઉભો રહે છે કે જે કહે છે કે ''ઠીક, જો હું કાર્ય ન કરતો હોઉં, તો પછી ભગવાનને તેમની મરજી મુજબ કાર્ય કરવા દો; હવે હું કશું જ કરવાનો નથી.''

હું એવા લોકોને જાણું છું કે જેમણે ઘણી પ્રગતિ કરી હતી, જેઓ વસ્તુઓના સત્યની ખૂબ નજીક પહોંચી ગયા હતા, પણ જે લોકો માત્ર આમ કહેવાથી અટકી ગયા હતા. કારણ કે કાર્યનું ઉદ્ભવ સ્થાન હોવાની, પરિશ્રમ કર્યા બદલ જશ ખાટવાની આ જરૂરિયાત એટલી બધી જડ ઘાલીને પડેલી છે કે તેઓ છેલ્લું પગલું ભરી શકતા નથી. કેટલીક વાર તેમ કરવામાં વર્ષો વીતી જાય છે. જો તેમને કહેવામાં આવે કે ''તમારામાં રહેલી શક્તિ, સંકલ્પ, જ્ઞાન તમે નથી, પણ ભગવાન છે, તમે તમારી જાતને જે માનો છો તે તમે નથી'', તો તેઓ એટલા બધા દુઃખી થઈ જાય છે કે પછી તેઓ કશું જ કરી શકતા નથી. શ્રી અરવિન્દ આ વાક્યમાં તે કહેવા માગે છે.

એવા લોકો છે, જેઓ પોતાના ભિન્ન વ્યક્તિત્વની ભાવનાને જાળવી રાખવાની જરૂરિયાતને એટલી બધી માને છે કે જો તેમને કબૂલ કરવાની ફરજ પડે કે ભગવાન ઊર્ધ્વ ગતિની પ્રેરણા આપે છે, ભગવાન જ તે ઊર્ધ્વ ગતિ કરે છે, તો તેઓ પોતાની નાનકડી જાતમાં બધી ન્યૂનતાઓ, દોષો, ભૂલો રાખે છે, તેમને લાડ કરે છે, જેથી કંઈક તો તેમની માલીકીનું રહે. તેઓ કહે છે કે હા, જે સર્વ કાંઈ સુંદર અને પ્રકાશમય છે તે ભગવાન છે, પણ આ ભીષણ વસ્તુઓ હું છું. પણ તેમની તે મોટી જાતનો કોઈએ સ્પર્શ પણ ન કરવો જોઈએ !

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ પૃ. ૩૬૪-૬૬)

*

# વૃત્ત વિશેષ

તા. ૬-૫-૨૦૧૮ના રોજ ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું અર્ધવાર્ષિક સંમેલન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી : (૧) શાખાઓ / કેન્દ્રોમાં ઉપસ્થિત થતા પેચીદા પ્રશ્નોના સમાધાન માટે રાજ્યકક્ષાની સંકલન સમિતિની રચના બાબત. (૨) GST ના પ્રશ્ને માર્ગદર્શન બાબત. (૩) માતૃવાણીના ગ્રંથોના પ્રકાશન વિષયક. સંમેલનમાં સુ.શ્રી જ્યોતિબહેન થાનકી, ડૉ. સી. કે. તન્ના, શ્રી કૈવલ્ય સ્માર્ત, શ્રી વસંતભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ પટેલ, ડૉ. પુષ્પાબેન ભટ્ટ સહિત વિવિધ કેન્દ્રો / શાખાઓમાંથી ૩૫ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. સર્વ પ્રતિનિધિઓનું શ્રી શરદભાઈ જોશીએ ભાવસભર સ્વાગત કર્યું હતું.

*

તા. ૬-૫-૨૦૧૮ના રોજ શ્રી અરવિન્દ નિવાસમાં પ્રો. ડૉ. એચ. બી. પટેલ (શ્રી હરમાન ભાઈ) મ.સ. યુનિવર્સિટીની સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં શ્રી સુનિલ ત્રિવેદી - એક્સ્પ્લોરેશન સાયન્ટીસ્ટ, ઓ.એન.જી.સી., એ વક્તવ્ય રજૂ કર્યું હતું. વક્તવ્યનો વિષય હતો : વિજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મ.

શ્રી સુનિલભાઈએ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિજ્ઞાન અને પ્રકૃતિનું નિદર્શન આપ્યું હતું.

તેમના આ કાર્યક્રમમાં દુર્લભ ફોટાઓ અને શોર્ટ ફિલ્મોથી સભર રસપ્રદ માહિતી હતી. પ્રકૃતિના પ્રતીકરૂપ એક પાંદડાથી પ્રારંભ કરીને, પર્યાવરણ, માનવ વિશ્વ અને બ્રહ્માંડ સુધીની સૃષ્ટિનો કોઈ સર્જક નિયંતા જરૂર હોવો જ જોઈએ એમ તેઓશ્રીએ જણાવ્યું. સાચો વૈજ્ઞાનિક નિષ્ઠાવાન સત્યશોધક હોય છે અને અંતે સત્યની પ્રાપ્તિની દિશામાં એ પ્રગતિ કરે છે. વિજ્ઞાન અને અધ્યાત્મ સમાંતરે ગતિ કરે છે. શ્રી અરવિન્દે જે રીતે અધ્યાત્મને વિજ્ઞાનના દૃષ્ટિકોણથી તપાસ્યું છે તેવું કાર્ય વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં અજોડ છે એમ તેમણે જણાવ્યું. લગભગ સો જેટલા શ્રોતાઓએ એકાગ્રતાપૂર્વક પ્રવચન સાંભળ્યું.

*

શ્રી અરવિન્દ નિવાસ વડોદરામાં તા. ૨૮-૪-૨૦૧૮થી તા. ૬-૫-૨૦૧૮ સુધી નાનાં બાળકો માટેના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો હેતુ આંતરિક શક્તિઓ ખીલવવાનો હતો. આ શિબિરમાં પ્રાર્થનાઓ, યોગાસનો, ચિત્રકલા, કાગદીકલાઓ, વાર્તાઓ, ગીતો, અભિનય, વક્તૃત્વ જેવી વિધવિધ અને રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની સુષુપ્ત ક્ષમતાઓને પ્રગટ કરવાનો અને તેનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ૫ થી ૧૦ વર્ષની ઉંમરનાં લગભગ ૬૦ બાળકોએ શિબિરમાં ભાગ લીધો અને પૂર્ણાહુતિમાં બાળકોએ વિવિધ કાર્યક્રમો દ્વારા આ શિબિરમાં તેમણે મેળવેલી તાલીમનું નિદર્શન રજુ કર્યું.

શિબિર સંચાલનમાં સુ.શ્રી મીનાબહેન, ડૉલીબહેન, કલ્યાણીબહેન, છાયાબહેન, ચિકિત્સાબહેન તથા શ્રી નીલકંઠભાઈ જોશીએ પોતાનું સર્જનાત્મક યોગદાન આપ્યું હતું.

*(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

## 'માતૃવાણી' ગ્રંથ શ્રેણીના પ્રકાશન અંગે જાહેરાત

તા. ૬-૫-૨૦૧૮ ના રોજ ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું અર્ધવાર્ષિક સંમેલન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં મળ્યું હતું, તેમાં નિર્ણય થયા મુજબ :

શ્રી અરવિન્દ શ્રી માતાજીના ગ્રંથો ગુજરાતીમાં અપ્રાપ્ય હોઈ તે ઉપલબ્ધ થઈ શકે તે માટે :

(૧) પ્રથમ, શ્રી માતાજીના 'માતૃવાણી'ના - ૧૭ ગ્રંથોની ફાઈલ બનાવી વેબસાઈટ ઉપર મૂકવાનું નક્કી કરવામાં આવ્યું છે. ખાઆ માટે DTP ઓપરેટર અથવા ગુજરાતી ટાઈપ કરનાર સાધક અથવા સ્વૈચ્છિક રીતે આ કામ કરી શકે તેવા વ્યક્તિઓનો સહયોગ આવકાર્ય છે.

આવા સહયોગીઓનાં નામ પ્રાપ્ત થયે તેમને ગ્રંથનું ટાઈપકામ અથવા/અને DTP નું કામ સોંપવામાં આવશે. આ માટે સહયોગીઓને યોગ્ય પુરસ્કાર પણ આપી શકાશે.

(૨) 'માતૃવાણી'ના ૧૭ ગ્રંથોની PDF File તૈયાર થઈ જાય તે દરમિયાન ગ્રંથો રૂપે છાપવાની પણ યોજના છે. આ માટે આગોતરા ગ્રાહકો નોંધાય તો ગ્રંથોની કેટલી પ્રતો છાપવી એ અંગે નિર્ણય લેવામાં સુવિધા રહે. ગ્રંથોની કિંમતનો આધાર કેટલી પ્રતો છાપવાનું નક્કી થાય છે તેના ઉપર રહે છે. આથી સર્વે કેન્દ્રો, સાધકો, શુભેચ્છકો અને મિત્રોને વિનમ્ર અપીલ કરવામાં આવે છે કે આ ગ્રંથમાળાના ગ્રાહકો બનવાની જેમને અભીપ્સા હોય તેમણે, શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયાબજાર, વડોદરા-૩૯૦ ૦૦૧ (ફોન નં. ૦૨૬૫-૨૪૧૨૬૮૫) નો સંપર્ક સાધવો.

(૩) આ કાર્ય માટે આર્થિક સહયોગ આવકાર્ય છે. આ કાર્ય માટે પ્રાપ્ત થયેલી આર્થિક સહાય માત્ર માતૃવાણી ગ્રંથશ્રેણીના પ્રકાશન (વેબસાઈટ કે ગ્રંથ રૂપે) અર્થે જ વાપરવામાં આવશે. આ માટે પણ ઉપરોક્ત સંપર્કસૂત્રનો ઉપયોગ કરવા વિનંતી છે.

*શ્રી શરદભાઈ જોશી*

*અધ્યક્ષ, શ્રી અરવિન્દ સોસાયટી, ગુજરાત સ્ટેટ કમિટી, વડોદરા.*

*

તા. ૨-૪-૧૮ ના રોજ ખંભાળિયાના શ્રી અરવિન્દ કેન્દ્રમાં નિવૃત્ત આચાર્યાશ્રી નિર્મલાબહેનનાં અધ્યક્ષસ્થાને શ્રી ભારતસિંહ ઝાલાએ શ્રી અરવિન્દના ગાયત્રીદર્શન ઉપર પ્રવચન આપ્યું હતું.

*

શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલ : ચોમાસાની વિદાય પછી હિમાલયના સૌંદર્યથી

ભરપૂર પહાડોમાંથી નીતરતાં ઝરણાંઓની વચ્ચે અને સુંદર લીલોતરીથી ભરેલા નૈનીતાલમાં શ્રી ભારતસિઃહ ઝાલાની ૨૫મી શ્રી અરવિન્દ શિબિર તા. ૧-૧૦-૧૮થી ૭-૧૦-૧૮ સુધી રાખવામાં આવેલી છે. ખર્ચ પેટે ૭૦૦૦/-રૂા. ટિકીટ ભાડુ અલગ. સંપર્ક માટે શ્રી ભારતસિંહ ઝાલા. શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, બોટાદ. મો. ૯૪૨૬૬૯૫૧૯૮, ૯૪૨૮૦૬૮૫૯૨.

## -: નિમંત્રણ :-

શ્રી અરવિન્દ કેન્દ્ર, વીસનગર મુકામે તા. ૧ જુલાઈ ૨૦૧૮ના રોજ સવારે. ૯.૩૦ કલાકે **સાવિત્રી શબ્દામૃત-૮**ના ભગવદ્‌ર્પણ સમારોહનું આયોજન કરવાનું નક્કી થયું છે. ભગવદ્‌ર્પણવિધિ કવિયુગ્મ શ્રી રાજેન્દ્ર શુક્લ અને શ્રીમતી નયનાબહેનના સંયુક્ત હસ્તે સંપન્ન કરવામાં આવશે. ભગવદ્‌ર્પણ સમારોહમાં કવિશ્રી રાજેન્દ્ર પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. સમારોહમાં હાજર રહી કેન્દ્રના વાતાવરણનો લાભ લેવા સર્વે અભીપ્સુઓને હૃદયપૂર્વક નિમંત્રણ. બહારગામથી આવનાર અભીપ્સુઓએ ૨૮ જૂન સુધી શ્રી મહેન્દ્રભાઈ પંચાલ મો. ૯૫૮૬૦૦૫૮૩૬ - ને જાણ કરવી.

*

**સાભાર સ્વીકાર : (૧) બીલીપત્ર :** લે. નારાયણ શાહ. પ્રકાશક : નિધિ.બી. શાહ, ૩૮-જી નૂતન સૌરભ સોસાયટી, વિજયનગર પાસે, હરણી રોડ, વડોદરા-૬. ફોન : ૦૨૬૫-૨૪૬૬૨૨૮ - જીવનને બહુવિધ રીતે સમૃદ્ધ કરવાની પ્રેરણા આપતી પુસ્તિકા. ૪૮ પાનાંની આ લઘુ પુસ્તિકામાં વિધવિધ વિષયો પર લેખક સાથે થયેલી વાતચીતનું સંકલન કરવામાં આવ્યું છે. મૂલ્ય : ગમતાનો કરીએ ગુલાલ. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

**(૨) સફળતાના શિખરે કેવી રીતે પહોંચી શકાય ?** લે. નારાયણશાહ, પ્રકાશન સહયોગી : શ્રી પ્રણવ વિ. શાહ, બી-૬ શ્વેતાપાર્ક, ધવલ નર્સિંગ હોમ, ચાર રસ્તા પાસે, હરણી, વારસિયા રિંગરોડ, વડોદરા-૩૯૦ ૦૨૨. મો. ૯૪૨૬૫૬૯૬૯૮ સફળતાના આરોહક માટે પ્રેરક પાથેય. ૧/૮ ડેમી. ૧૧૨ પાનાંના પુસ્તકમાં જીવનના વિધવિધ ક્ષેત્રોની સફળ વ્યક્તિઓ વિશે વાત કરવામાં આવી છે. સુંદર પુસ્તક - પુસ્તક પ્રાપ્તિ માટે ઉપર્યુક્ત મોબાઈલ નંબર પર સંપર્ક કરો.

**(૩) જતીન્દ્ર-વિશેષ :** સંપાદક : ધીરુભાઈ ઠાકર, કર્મયોગી સ્વ. સાંકળચંદભાઈ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી - ૮, ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩, ફોન : ૨૭૫૫૧૭૦૩ (૦૭૯).

શ્રી અરવિન્દ ભક્ત, શ્રી જતીન્દ્રભાઈએ 'સાવિત્રી' મહાકાવ્યના કેટલાક અંશોનું પદ્યમાં ભાષાંતર કરી 'સાવિત્રીમંથન' નામક સાત નાની પુસ્તિકાઓ પ્રગટ કરી હતી તે તથા તેમની સુંદર કાવ્યસૃષ્ટિની કેટલીક રચનાઓ અહીં પુનર્મુદ્રિત કરવામાં આવી છે. પુસ્તકમાં શ્રી જતીન્દ્રભાઈએ શ્રી ધીરુભાઈ ઠાકરને લખેલા પત્રો પણ મૂકવામાં આવ્યા છે. અદ્‌ભુત પુસ્તક ૧/૮ ડેમી. ૨૫૦ પાનાંનું પુસ્તક, સુંદર છાપકામ, સુઘડ બાંધણી, મૂલ્ય રૂા. ૨૫૦/-.

શ્રી અરવિન્દ પૂર્ણયોગના નિષ્ઠાવાન અનુયાયી, 'સાવિત્રીમંથન'માં રત સાધક શ્રી જતીન્દ્રભાઈ, વિસનગરમાં શ્રી અરવિન્દ કેન્દ્રનું સંચાલન પણ કરતા હતા. પુસ્તકને શ્રી સુધા સુન્દરમનું પ્રાસ્તાવિક લખાણ 'સાવિત્રી'ની મંત્રશક્તિ પ્રાપ્ત થયું છે. વાંચવા અને વસાવવા લાયક પુસ્તક.

*

**સાવિત્રીશબ્દામૃતશ્રેણી** : શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની અસીમ કૃપાથી સાવિત્રીશબ્દામૃતશ્રેણીનું પ્રકાશનકાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. 'સાવિત્રી' મહાકાવ્યના પર્વ ૧, ૩, ૭ અને ૧૦ ની કુલ ૧૦૧૪૦ પંક્તિઓના શ્રી શ્રદ્ધાવાનજીના અંગ્રેજી વિવરણના ગુજરાતી અનુવાદનું કાર્ય સાવિત્રીશબ્દામૃતશ્રેણીનાં ૧થી ૮ પુસ્તકોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. પર્વ ૨, ૪, ૫ ને ૬નો સંક્ષિપ્ત સાર પણ સાથોસાથ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. સાવિત્રીશબ્દામૃત ૧ની દ્વિતીય આવૃત્તિ થઈ ચૂકી છે અને ટૂંક સમયમાં સાવિત્રીશબ્દામૃત ૨ ને ૩ની દ્વિતીય આવૃત્તિના પ્રકાશનનું કાર્ય પણ હાથ પર લેવામાં આવશે. શ્રી શ્રદ્ધાવાનજીએ પર્વ-૨ ના સર્ગોના વિવરણનું કાર્ય આરંભી દીધું છે. પર્વ-૨ના પ્રથમ ૪ સર્ગના વિવરણનું લખાણ 'Invocation' માં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. લાગે છે આગામી પુસ્તકમાં પર્વ-૨ ના પ્રથમ ચાર સર્ગોનું વિવરણ પ્રસિદ્ધ કરવામાં આવશે. ૧ જુલાઈના રોજ પ્રસિદ્ધ થનાર સાવિત્રીશબ્દામૃત-૮માં 'સાવિત્રી' મહાકાવ્યના અતિ મહત્ત્વના પર્વ, પર્વ-૧૦ના ચારેય સર્ગોના વિવરણનો અનુવાદ લગભગ ૫૫૦ પાનાંમાં પ્રસિદ્ધ થશે. શ્રી માતાજીએ આ પર્વને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે અને એમણે પોતે આ પર્વમાં ઊંડે અવગાહન કરવાના હેતુથી આ પર્વનું ફ્રેંચ ભાષાંતરનું કાર્ય स्वान्तः सुखाय કર્યું હતું. સાવિત્રીશબ્દામૃતશ્રેણી રૂપી શ્રી માતાજીના મહાયજ્ઞમાં ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રો, કેન્દ્રોના સભ્યો, ગુજરાતની સાહિત્યપ્રેમી સંસ્થાઓ, વ્યક્તિઓ અને કાવ્યપ્રેમીઓ તરફથી અમને જે અદ્‌ભુત સહકાર સાંપડી રહ્યો છે તે શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય 'સાવિત્રી' હવે જનમાનસ અને હૃદય ઉપર પકડ જમાવી રહ્યું છે તેનો પુરાવો છે. ગુજરાતમાં જ્યાં જ્યાં 'સાવિત્રી'ના અભ્યાસ વર્ગો યોજાય છે તેમાં શ્રી શ્રદ્ધાવાનજીના આ મહાભાષ્યના ગુજરાતી અનુવાદનું વાચન-મનન અવશ્ય થાય છે તે હકીકત અમને ચરિતાર્થતાની લાગણીનો અનુભવ કરાવે છે. સર્વ પ્રત્યે અમે અમારી કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરીએ છીએ.

***પ્રકાશક અને વિક્રેતા***

**યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : (૦૨૬૫) ૨૫૧૦૦૩૮ મો. ૦૯૪૨૭૫૪૦૧૯૫**

*

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૧૮૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૨૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૮૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

## The Synthesis of Yoga - 'યોગમાર્ગોનો સમન્વય' માં કુલ પાંચ વિભાગો છે.

(૧) ભૂમિકા – સમન્વય માટેની શરતો (૪૭ પેજ)

(૨) દિવ્ય કર્મોનો યોગ (૨૮૨ પેજ)

(૩) પૂર્ણ–જ્ઞાનનો યોગ (૨૮૭ પેજ)

(૪) દિવ્ય પ્રેમનો યોગ (૮૦ પેજ)

(૫) આત્મ–પરિપૂર્ણતાનો યોગ (૩૫૫ પેજ)

યોગમાર્ગોનો સમન્વય (The Synthesis of Yoga) સૌ પ્રથમ તત્ત્વજ્ઞાનને લગતા માસિક 'આર્ય' માં ૭૭ માસિક હપ્તાઓમાં પ્રકટ થયું હતું. ઑગષ્ટ, ૧૯૧૪ના પ્રથમ અંકથી, જાન્યુઆરી, ૧૯૨૧ના છેલ્લા અંક સુધી. જાન્યુઆરી ૧૯૨૧માં 'આર્ય' માસિકનું પ્રકાશન બંધ થયું ત્યારે એ લખાણ અધૂરું રહ્યું હતું. વર્ષ ૧૯૩૨ની આસપાસ શ્રી અરવિન્દે સમગ્ર લખાણને પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવાના આશયથી એ લખાણને તપાસીને સુધારવાનું શરૂ કર્યું હતું. તે સમયે 'દિવ્ય કર્મોનો યોગ' વિભાગ પૂરેપૂરો તથા 'પૂર્ણ–જ્ઞાનનો યોગ' વિભાગનાં નવ પ્રકરણો એમણે સુધાર્યાં હતાં. વર્ષ ૧૯૪૦ દરમિયાન એમણે સમગ્ર ખંડ–૧માં થોડાઘણા સુધારાવધારા કર્યા હતા અને પ્રકાશન માટે એ લખાણ તૈયાર કર્યું હતું. પરંતુ ગ્રંથના આ સિવાયના બીજા વિભાગોનું પુનરાવર્તન તેમણે ક્યારેય કર્યું ન હતું.

(વર્ષ ૦૪ : અંક ૬)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/FEB-18 TO JULY-18

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ – છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**